અકલંક ગ્રંથમાળા પુષ્પ ૯૦

# જૈન કથાઓ
# ભાગ ૨૦



: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

## -: છપાયેલ પુસ્તકોની યાદી :-


૧ કલ્યાણુક સ્તવન ટોડર
૨ રૂષભદેવ ચરિત્ર
૩ શાંતિનાથ ચરિત્ર
૪ નેમિનાથનેકૃષ્ણ ચરિત્ર
૫ પાર્શ્વનાથને આદિનાથ ચરિત્ર
૬ મહાવીર ચરિત્ર
૭ જૈન રામાયણ
૮ ચેઈયથયથુઈસજઝાય માળા
૯ શુકરાજાની કથા
૧૦ સમક્તિના સડસઠ બોલની સજઝાય અર્થ સાથે
૧૧ અકલંકવિજયજીનું જીવનચરિત્ર
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૩ ભક્તામર અર્થકથા સહિત
૧૪ છકર્મગ્રંથસાર ભા. ૧
૧૫ નળ-દમયંતી ચરિત્ર
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૭ જૈન કથાઓ ભા ૧
૧૮ છ કર્મગ્રંથ સાર ભા. ૨
૧૯ જૈન કથાઓ ભા. ૨
૨૦ સજઝાયમાળા
૨૧ ભોગોપભોગ વિરમણવ્રત
૨૨ કુવલયમાળા કથા
૨૩ સામાયીક પ્રતિક્રમણને અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪ તિલકમંજરી
૨૫ જૈન કથાઓ ભાગ ૩
૨૬ વૈરાગ્યનું અમૃત યાને સમરાદિત્ય ચરિત્ર
૨૭ રૂષભદેવ ચરિત્ર સ્ત નો સાથે
૨૮ શાંતિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૨૯ નેમિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૦ પાર્શ્વનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૧ મહાવીર ચરિત્ર સ્તવનો સાથે
૩૨ જૈન રામાયણ
૩૩ ભક્તિ મુક્તિ પર્યુષણ પર્વમાળા
૩૪ ભૂર્ભુવઃ સ્વઃ ભા. ૧
૩૫ શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૭ જૈન કથાઓ ભા. ૪
૩૮ મયણા શ્રીપાળ
૩૯ નેમિ વિવાહલો
૪૦ મહાબળ મલયા સુંદરી ચરિત્ર


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

री परमात्मने नमः । – ॐ अर्हं नमः । श्री गुरवे नमः ।

અકલંક ગ્રંથમાળા – પુષ્પ ૯૦

# જૈન કથાઓ

## ભાગ ૨૦

સંપાદક

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

૧૨, કૃષ્ણકુંજ, આરે રોડ

ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# યોજના

શ્રી અકલંક ગ્રંથમાળા તરફથી જૈન ધર્મના અત્યુત્તમ પુસ્તકો છપાય છે. તેમાં યથાશક્તિ લાભ લેવા વિનંતી છે, જ્ઞાનદાન સર્વોત્કૃષ્ટ દાન છે, રૂા. ૧૫૦૧. આપવાથી પેટ્રન થવાય છે અને છપાતાં હજાર પુસ્તકોમાં ફોટો, જીવનઝરમર લેવાય છે.

રૂપિયા ૧૦૦૧) આજીવન સભ્યના છે.
રૂપિયા ૫૫૧) પાંચ વર્ષના સભ્યના છે.
રૂપિયા ૨૫૧) બે વર્ષના સભ્યના છે.
રૂપિયા ૧૫૧) એક વર્ષના સભ્યના છે.

ઉપર મુજબ કે તેથી વધુ આપનારું નામ પુસ્તકમાં લેવાશે. હાજર પુસ્તકોનું લિસ્ટ પાછળ આપ્યું છે. તેમ જ કુલ પંચાણું પુસ્તકો છપાયાં છે અને તેર બાકી છે. અકસો આઠ છાપવાની ધારણા છે. પૂ. સાધુ-સાધ્વીઓને તેમજ જ્ઞાનભંડારને આ પુસ્તકો ભેટ અપાય છે. તેમજ શ્રાવક-શ્રાવિકાને ઓછામાં ઓછા રૂા. ૧૫૧, ભેટ મોકલવાથી હાજર પુસ્તકો ભેટ અપાય છે. પુસ્તકોનું વેચાણ થતું નથી. ભેટ રકમ લેવાય અને ભેટ પુસ્તકો અપાય છે. સાધુ સાધ્વીઓને વિનંતી કરવામાં આવે છે કે આપ ઉપધાન ઉજમણાં પ્રસંગે મહોત્સવ પ્રસંગે અમોને સારી રકમ મોકલાવશો તો આપના કહેવા મુજબ પુસ્તકો છપાવીશું. વર્ષીતપ, સિદ્ધિ તપ ઉપધાનાદિમાં પ્રભાવના માટે પડતર કિંમતે પુસ્તકો અપાશે.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નંદિષેણ મુનિ

જીવ નિત્ય ઉગ્ર તપને કરતો છતો પૂર્વનાં દુષ્ટ કર્મનો નંદિષેણ મુનિની પેઠે તત્કાળ નાશ કરે છે.

શ્રીપુર નામે સ્વર્ગ સમાન નગર હતું. ત્યાં મખપ્રિય (યજ્ઞ પ્રિય) નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એકદા તેણે ભીમ નામે દાસને કંઇ કાર્ય કરવાનું કહ્યું. ત્યારે તે દાસે કહ્યું. "જો મને યજ્ઞમાંથી કંઇ પણ (શેષ) આપશો. તો હું તે કરીશ; નહિ તો નહિ કરૂ" વિપ્રે તે વાતની હા કહી. હવે પોતાને જે મળતું, તે લઇને તે ભીમ સાધુને આપવા લાગ્યો. આવા પુણ્યકાર્યોને લીધે, તે મૃત્યુ પછી સ્વર્ગે ગયો ને ત્યાંથી આવીને રાજગૃહ નગરને વિષે શ્રેણીક રાજાનો નંદિષેણ નામે પુત્ર થયો.

હવે મખપ્રિય વિપ્ર બહુ બહુ ભવમાં ભ્રમણ કરીને, વનમાં એક હાથણીને ઉદરે અવતર્યો. આ ટોળાનો અધિપતિ હસ્તી એવો હતો કે, 'બીજો કોઇ યુથનો અધિપતિ ન થાય.' એવા ઇરાદાથી જે બાળક અવતરતું, તેને તે જન્મતાં મારી નાંખતો. આથી પેલી હાથણી વિચારવા લાગી. 'હું ગર્ભવતી છતાં મારામાં હજુ સુધી ઉત્સાહ રહેલો છે. માટે નિશ્ચે મારો પુત્ર થશે તે બળવાન થશે. તેથી જન્મતાં જ તેને બીજે મૂકી આવીને તેનું રક્ષણ કરવું.' એમ ધારી તે કપટથી લંગડી થઇને યુથની પાછળ હળવે હળવે ચાલવા લાગી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અહો ! પશુઓને પણ પોતાના બાળકો ઉપર કેવો સ્નેહ હોય છે ? તે ઉપર એક નાતા કહે છે કે–'હે પારધિ ! મારા શરીરનું સ્તન સિવાયનું બધું માંસ લઇને પણ કૃપા કરી મને જવા દે; મારાં બચ્ચાંએ હજુ સ્તનપાન પણ કર્યું નથી. તેઓ ચારો ખાવા પણ શીખ્યા નથી એટલે તેઓ મ્હારા આવવાની વાટ જોતા હશે.'

આ હાથણીને બીજો કોઈ નં ભોગવે, એવા વિચારથી પેલો યુથપતિ હસ્તી પણ ક્ષણે ક્ષણે પાછળ જોયા કરતો; પણ પેલી હાથણી કપટે કરીને બહુ ધીમે ધીમે ચાલવા લાગી. તે બે ઘડી પછી તેની સાથે થઇ જતી. હાથીએ જાણ્યું. 'તેને વાયુ રોગ થયો છે; શું કરીએ ? આરામ થઇ જશે.' આમ તેને વિશ્વાસ બેઠો.

એકદા પ્રસવ સમય જાણીને હાથી દૂર છે એવું જોઇ પેલી હાથણી માથા ઉપર તૃણના પૂળા લઇને કોઈ તાપસોના આશ્રમમાં આવી. તેને વિનયવતી તથા શરણે આવેલી જોઇને તાપસોએ કહ્યું. 'હે પુત્રી !' તું અહિ નિર્ભયપણે રહે' તે ઉપરથી તેણીએ ત્યાં રહીને એક ઉત્તમ લક્ષણવાળા હસ્તીને જન્મ આપ્યો. પછી તે બાળકને ત્યાંજ મુકીને તે ધીમે ધીમે હસ્તી પાસે ગઇ. સમયે સમયે ધવરાવવા બાળ હસ્તી પાસે આવતી. હવે તાપસોએ તે બચ્ચાંને ઘાસ વિગેરે ખવરાવી ઉછેર્યું. તે બચ્ચું પણ સુંઢમાં પાણી લઇને તાપસના બાળકોની પેઠે વૃક્ષને સિંચવા લાગ્યું. તે ઉપરથી તાપસોએ તેનું સેચનક એવું નામ પાડયું. પછી તે મોટું થયું. એટલે તે વિચારવા લાગ્યું. 'મારી માતાએ પતિને છેતરીને મને આશ્રમમાં જન્મ આપ્યો, તેમ બીજી હાથણી તેવું ન કરે, એમ વિચારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સેચનકે તે આશ્રમ ભાંગી નાંખ્યો. તે જોઇને તાપસોએ તે વાત શ્રેણિક રાજાને કહી. તે ઉપરથી રાજા સેનાને તૈયાર કરી તેને બાંધી લેવાને વનમાં આવ્યો; પણ કોઈ તેને બળથી અથવા કળથી વશ કરી શકયું નહી. રાજા ખિન્ન થયો. એ જોઇને તેનો પુત્ર નંદિષેણુ ઉભો થયો. તેને આવતો જોઇને સેચનકને ઉહાપોહ કરતાં જાતિસ્મરણુ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેણે પોતાનો અને તેનો સ્વામી સેવકનો સંબંધ યાદ કર્યો. યાદ કરીને ઉભો રહ્યો એટલે નંદિષેણે તેને વશ કરીને પિતાને સોંપ્યો. પિતાએ તેને પોતાનો પટ્ટહસ્તી બનાવ્યો અને પોતાના પુત્રને તેણે વિશેષ ગામ બક્ષીસ આપીને ખુશી કર્યો.

એવામાં શ્રી વીર ભગવાન્ તેજ નગરના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. એકદા નંદિષેણુ તેમની પાસે ધર્મોપદેશ સાંભળવા ગયો. ત્યાં તેણે પ્રશ્ન કર્યો. 'હે ભગવન્ ! આ હસ્તી મારા ઉપર કેમ પ્રીતિ રાખે છે ?' ભગવાને તે ઉપરથી તેના પૂર્વ ભવનું વૃત્તાંત કહી સંભળાવ્યું. પછી શ્રેણિક રાજા પ્રમુખ બીજા લોકો પણ ત્યાં ધર્મ સાંભળવા આવ્યા.

પ્રભુએ ઉપદેશ આપતાં કહ્યું.

માણુસ્સખિત્તજાઈ, કુલરુવારૂગ્ગ–મઉયં બુદ્ધિ ।
સવણું ગહણું સદ્ધા, સંજમો લોગંમિ દુલહાઈં ॥ ૧ ॥

'લોકોને મનુષ્ય ભવ, ઉત્તમ જાતિ અને કુળ, સુંદર રૂપ, નિરોગી શરીર, લાંબુ આયુષ્ય, ઉચ્ચ બુદ્ધિ, ધર્મ શ્રવણુ, ધર્મ ગ્રહણુ, શ્રદ્ધા અને સંયમ એ સર્વમાં એકેક પણુ પામવાં દુર્લભ છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપદેશ સાંભળીને બોધ પામી નંદિષેણે પ્રભુ પાસે ચારિત્ર માંગ્યું. પણ પ્રભુએ કહ્યું. 'હજુ તારે ચારિત્રના આવરણરૂપ એવું કર્મનું ભોગફળ બાકી છે. માટે હે વત્સ ! દીક્ષા લેવાને ઉત્સુક ન થા.' આ પ્રમાણે પ્રભુએ વાર્યા છતાં તે તૈયાર થયો એવામાં આકાશવાણી થઈ. 'હે નંદિષેણ ! હજુ તારે ભોગફળ બાકી છે; માટે ચારિત્ર લઈશ નહી.' એમ કહ્યા છતાં પણ તેણે દીક્ષા ગ્રહણ કરી અને હર્ષથી છઠ્ઠ-અઠ્ઠમ આદિ તપ કરવા માંડયો. પ્રભુની સાથે વિહાર કરવા માંડયો તથા સૂત્રાર્થ ધારવા માંડયો. બાર પ્રકારની ભાવના ભાવવા લાગ્યો. *બાવીશ પ્રકારના પરીષહોને સહન કરવા લાગ્યો. આ પ્રમાણે તેણે કર્મરૂપી વૃક્ષને ઉન્મલન કરવું શરૂ કર્યું. ભોગ કર્મના ઉદયથી ઉત્પન્ન થતી એવી ભોગની ઈચ્છાને રુંધવાને તેણે પ્રબળ તપ કરવા માંડયો; આતાપના લેવા માંડી.

યત :—

"આયાબયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।
વાસાસુ પડિમલીણા, સજયાસુ સમાહિણા ॥ ૧ ॥

---

* બાવીશ પ્રકારના પરીષહો આ પ્રમાણે :–૧ ક્ષુધાનો, ૨ તૃષાનો, ૩ ટાઢનો, ૪ તાપનો, ૫ દંશનો, ૬ અચેલકનો ૭ અરતિનો ૮ સ્રીનો, ૯ ચર્યાનો, ૧૦ નૈષેધિકીનો, ૧૧ શય્યાનો, ૧૨ આક્રોશનો, ૧૩ વધનો, ૧૪ યાચનાનો, ૧૫ અલાભનો, ૧૬ રોગનો, ૧૭ તૃણ સ્પર્શનો, ૧૮ મેલનો ૧૯ સત્કારનો, ૨૦ પ્રજ્ઞાનો, ૨૧ અજ્ઞાનનો અને ૨૨ સમ્યક્ત્વનો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું છે કે-ઉષ્ણ ઋતુમાં તાપ સહન કરવો; શિયાળામાં વસ્ત્ર રહિત થઈ ટાઢ સહન કરવી અને વર્ષાઋતુમાં ઇન્દ્રિય ગોપવીને રહેવું.

ચારિત્ર લેવાને અટકાવનાર દેવ તેને નિત્ય ભોગરૂપી સમુદ્રમાં નાખવાને યત્ન કરે છે. તે જાણી તેણે ચારિત્રની રક્ષા કરવાને અર્થે પર્વત ઉપર ચડીને ઝંપાપાત કરવાનો વિચાર કર્યો વિચાર કરીને જેવો તે પડવા જાય છે, તેવામાં દેવે તેને હાથમાં લઇ લીધો ને અન્ય સ્થળે મૂકીને તેને કહ્યું 'તું વૃથા શા વાસ્તે મરવાને ઇચ્છે છે? ભોગફળ અનુભવ્યા વિના તને મૃત્યુ આવવાનું નથી.'

ત્યાર પછી નંદિષેણ એકાકી તીવ્ર તપમાં તત્પર એકદા કોઈ વેશ્યાને ત્યાં આહાર લેવાને ગયો. ત્યાં જઇને તેણે ધર્મલાભ કહ્યો. વેશ્યાએ કહ્યું. 'એ ધર્મલાભે કરીને મને શું લાભ છે? હું તો નિત્ય દ્રવ્યને ઈચ્છુ છું.' એ મને હસે છે તેથી નંદિષેણ મુનિએ તીવ્ર માનપૂર્વક એક તરણું ખેચ્યું એટલે તેમના તપના પ્રભાવથી આકાશમાંથી બાર કોટી રત્નની વૃષ્ટિ થઇ! મુનિએ કહ્યું. 'લે હવે તને આ દ્રવ્ય લાભથી સુખનો લાભ થયો!' એમ કહી જેવા તે જવા લાગ્યા, તેવાજ તેમને વેશ્યાએ કહ્યું. 'શું તમે તપ કરીને અત્યંત દુષ્કર એવી મૃદુતાને જીતી છે? હવે તો હે પ્રાણવલ્લભ! મારી સાથે ભોગ ભોગવો; નહિ તો હું મૃત્યુ અંગીકાર કરીશ.' મુનિએ જાણ્યું કે, હજુ મારે દેવે કહેલું ભોગકર્મફળ ભોગવવાનું બાકી રહ્યું છે; તેથી તેમણે વેશ્યાને અંગીકાર કરી ત્યાં તેમણે એવો અભિગ્રહ કર્યો કે, 'મારે નિત્ય દશ વિટ પુરુષોને પ્રબોધ પમાડી દીક્ષા

લેવરાવવી પછી અન્ન લેવું.'

પછી ત્યાં નંદિષેણે રૂષિનો વેશ ત્યજીને નિત્ય દશ દશ વિટ પુરૂષોને પ્રબોધીને દીક્ષા લેવરાવવા માંડી, એમ કરતાં કરતાં બાર વર્ષ વીત્યા.

એકદા બાર વર્ષને અંતે ભોજન સમય થયા છતાં પણ દશમો પુરૂષ મળ્યો નહિ બે ત્રણ વાર રસોઇ તૈયાર કરી વેશ્યાએ કહ્યું 'હે સ્વામિન્ ! આજે દશમા તમેજ થાઓ'

વેશ્યાનું તેજ વચન સ્વીકારી તે કરગરી રહી છતાં તૃણની જેમ છોડીને ગુરૂ પાસે જઇને સમ્યક્ આલોચના કરી દીક્ષા અંગીકાર કરી. પછી તેઓ તીવ્ર તપશ્ચર્યા કરી કર્મ ક્ષય કરીને મોક્ષે ગયા.

ઇતિ નંદિષેણ મુનિની કથા.

---

જૈન ધર્મની કથાઓમાં વિવિધ રસો કે નવ રસો. અરે ! શૃંગાર રસ પણ હશે ? પણ એમ છતાં એનો સાર વૈરાગ્ય રસમાંજ આવે છે.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# બીજા નંદિષેણ

જે પ્રાણી શ્રેષ્ઠભાવથી સાધુઓની વૈયાવચ્ચ કરે છે, તે નંદિષેણની પેઠે ઉત્તમ કર્મનો બંધ કરે છે.

મગધ દેશના આભૂષણરૂપ એવા નંદી ગામને વિષે સોમીલ નામનો બ્રાહ્મણ રહેતો હતો તેને સોમીલા નામે સ્ત્રી હતી. તેમને નંદિષેણ નામે પુત્ર હતો. બાળપણમાં જ તેનાં માતા પિતા મૃત્યું પામ્યાં. શિખાથી તે નખ સુધી તેને કુરૂપ જાણીને, તેના દુર્ભાગ્ય કર્મના ઉદયને લીધે તેના સગાંએ તેને ત્યજી દીધો; એટલે તે મામાને ઘેર જઈને રહ્યો. ત્યાં તે ચારો પાણી વિગેરે લાવવાનું કામ કરવા લાગ્યો.

એકદા તેનો મામો પોતાના દુઃખી ભાણેજને વિનયવંત જાણીને કહેવા લાગ્યો કે, 'ખેદ કરીશ નહિ, મારે સાત પુત્રીઓ છે; તેમાંથી એક તને આપીશ.' તેથી નંદિષેણ ઘરનું કામ વિશેષ કરવા લાગ્યો. પણ તેની પુત્રીઓને ખબર પડી કે, તેમનામાંથી એકને પેલા કુરૂપ નંદિષેણ સાથે પરણાવવાની છે.' તે જાણીને પહેલી પુત્રીએ કહ્યું. 'જો તમે મને નંદિષેણ સાથે પરણાવશો તો, હું જરૂર મૃત્યુ પામીશ.' તે જોઈ ને નંદિષેણ આકુળ થઈ ચિંતા કરવા લાગ્યો; પણ તેના મામાએ તેને પોતાની બીજી પુત્રી આપવાં કહ્યું. તેથી તે વિષાદ પામતો બંધ થયો. એટ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લામાં તો બીજીએ પણ પહેલીની પેઠે જ પ્રતિજ્ઞા લઇને કહ્યું. 'જો મને તે નંદિષેણ વેરે પરણાવશો તો હું પણ મરીશ.' એ પ્રમાણે સાતે કન્યાઓએ કહ્યું !!! ત્યારે નંદિષેણે બહુ ખેદ કરવા લાગ્યો. એટલે વળી તેના મામાએ તેને 'બીજા કોઇની પુત્રી અપાવીશ.' એમ કહ્યું; પરંતુ બીજા લોકોની કોઈ પણ કન્યાએ તેને પરણવાની હા કહી નહી.

પોતાનાં આવાં દૌભાગ્યને જોઇને અત્યંત ખિન્ન થતો નંદિષેણ વિચારવા લાગ્યો. 'હવે મ્હારે અહિં શા માટે રહેવું ? મ્હારાં આવાં કર્મ ઉદય આવ્યાં તો હવે મરવું જ ઉત્તમ છે.' આવા વિચારથી વૈરાગ્ય પામેલો તે રત્નપુર નામે નગરે ગયો. ત્યાં પણ સ્ત્રી પુરૂષને ભોગ ભોગવતા જોઈને તે પોતાને નિંદતો છતો કહેવા લાગ્યો. 'અહો ! હું કયારે આવો ભાગ્યવાન્ થઈશ ? ' પછી તો તે વનમાં જઈને ઝંપાપાત કરવાનો વિચાર કરવા લાગ્યો. ત્યાં તેને એક કાયોત્સર્ગે રહેલા મુનિએ વાર્યો, તે ઉપરથી તેમને પ્રણામ કરી તેણે પોતાના દુઃખનું સ્વરૂપ કહ્યું.

કહ્યું છે કે-રોગીને વૈદ્ય એ મિત્ર છે; શેઠીઆના ખુશામત કરનારા લોકો મિત્ર છે; દુઃખી પુરુષોના મુનિયો મિત્ર છે અને નિર્ધન માણસોનો સદ્ગુણ મિત્ર છે.

પછી મુનિએ જ્ઞાનથી તેનો ભાવ જાણી લઈને કહયું. 'હે મુગ્ધ ! એવો ખોટો વૈરાગ્ય લાવ નહી; મૃત્યુથી કોઇ પણ માણસ કરેલા કર્મથી છુટતો નથી.

કારણ કે કરેલાં કર્મનો કોઈ પણ કાળે ક્ષય થતો નથી શુભ અથવા અશુભ ગમે તેવું કર્મ કર્યું હોય, તે અવશ્ય

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ભોગવવું જ પડે છે. શ્રી વીતરાગ ભગવાન્ પણ ધર્મે કરી-ને જ, પોતાના પૂર્વનાં પાપ કર્મથી છુટે છે.

માટે તું યાવજ્જીવ શુદ્ધ ધર્મ અંગીકાર કર. તેથી જ તું અન્ય ભવમાં સુખી થઈશ.'

એવા ઉપદેશથી વૈરાગ્ય પામી નંદિષેણે ગુરૂ પાસે વ્રત ગ્રહણ કર્યું. પછી તો તે વિનય પૂર્વક અધ્યયન કરતો છતો ધર્મશાસ્ત્રમાં ગીતાર્થ થયો. વળી તેણે એક એવો અભિગ્રહ કર્યો કે, 'લઘુ, વૃદ્ધ કે, રોગવાળા સાધુઓની વૈયાવચ્ચ કર્યા પછી જ મારે જમવું.' એ પ્રમાણે તે નિત્ય વૈયાવચ્ચ કરવા લાગ્યો.

એ વાત ઇન્દ્રે અવધિજ્ઞાનથી જાણીને પોતાની સભામાં કહયું કે, 'નંદિષેણ જેવો વૈયાવચ્ચમાં નિશ્ચળ બીજો કોઈ માણસ નથી.' એક દેવે આ વાત નહિં માની રત્નપુરમાં આવી એક રોગી સાધુનું રૂપ લીધું ને અતિસાર યુક્ત દેહ કર્યો અને બીજું સાધુનું રૂપ લઈ તે જે ગામમાં નંદિષેણ હતો તે ઉપાશ્રયે ગયો. ત્યાં તો નંદિષેણ આહાર વહોરી લાવીને ઇર્યાપથિકી પ્રતિક્રમીને, પચ્ચખ્ખાણ પારીને આહાર લેવા બેઠો. એટલે તે સાધુના રૂપવાળા દેવે કહ્યું: 'તમે સાધુની વૈયાવચ્ચ કરવાનો નિયમ કર્યો છે, છતાં તમે તેમ કર્યા વિના કેમ અન્ન લો છો.' નંદિષેણના પૂછવા ઉપરથી તેણે કહ્યું. 'નગરની બહાર એક રોગી સાધુ છે, તેને શુદ્ધ જળનો ખપ છે.' તે સાંભળીને શુદ્ધ જળ લેવાને નંદિષેણ શ્રાવકને ઘેર ગયા. જયાં જયાં જાય ત્યાં ત્યાં પેલો દેવ—સાધુ જળને અશુદ્ધ કરી નાંખે, બહુ બહુ ઘેર ભટકયા પછી પોતાની લબ્ધિના પ્રભાવે, માંડ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંડ, અકસ્માત શુદ્ધ જળ કોઈ જગ્યાએથી લઈ, પેલા દેવ–સાધુની સંગાથે નંદિષેણ નગરની બહાર રોગી સાધુ પાસે ગયો. તેમને અતિસારથી પીડાતા જોઈ 'તેમની વૈયાવચ્ચથી હું કૃતાર્થ થઈશ.' એમ માની તેમને ધોવા લાગ્યો. જેમ જેમ ધોતો જાય, તેમ તેમ બહુ જ દુર્ગંધ નીકળવા લાગી. તે ઉપરથી તે કહેવા લાગ્યો. 'અહો! આ સાધુ ભાગ્યવાન્ છતાં પણ આવા રોગવાળા છે; માટે રાજા કે રંક, યતિ કે ઈંદ્ર, કોઈ કર્મથી છુટતું નથી.' પછી તે સાધુને ખભા ઉપર બેસારી પૌષધશાળામાં લાવવાને ચાલવા લાગ્યો. રસ્તે બહુ બહુ દુર્ગંધ કરે છે. તથા કડવા વચન કહે છે તો પણ તેણે દુગંછા કરી નહી. તે ધીમો ચાલે ત્યારે કહે કે, 'કદી રસ્તે જ મારું મૃત્યુ થશે તો મારી દુર્ગતી થશે, હું આરાધન પણ નહિ કરી શકું' વળી તે ઉતાવળો ચાલે ત્યારે કહે કે 'આ પ્રમાણે ચાલીશ તો તો મારા પ્રાણ જ નીકળી જશે; આ તેં બહુ સારો અભિગ્રહ લીધો જણાય છે!!' એ સાંભળી રહીને પણ મહા કષ્ટે તે સાધુને ઉપાશ્રયે લાવ્યો.

ત્યાં આવીને 'આ સાધુને હું કેવી રીતે નિરોગી કરીશ?' એમ વિચારી તે પોતાની જાતની નિંદા કરવા લાગ્યો; પણ તે દેવ સાધુએ તો 'નંદિષેણ વૈયાવચ્ચ કરવામાં મેરુ સમાન નિશ્ચળ છે એ જોઈ પ્રત્યક્ષ થઈને સર્વ દુર્ગંધ સંહરી લીધી, ને નંદિષેણ ઉપર પુષ્પવૃષ્ટિ કરીને કહ્યું. 'હે મુનિ! આપને ધન્ય છે! ઈંદ્રે વર્ણન કર્યું હતું તેના કરતાં પણ આપ અધિક છો.' એમ ખમાવીને તે દેવ સ્વર્ગે ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાર પછી નંદિષેણ ઋષિએ બાર હજાર વર્ષ પર્યંત તપ કર્યું તપને અંતે તેણે અણસણ આદર્યું તે તપસ્વીને વંદન કરવાને, પોતાની સ્ત્રી સહિત ચક્રવર્તી ત્યાં આવ્યો. તે સ્ત્રીના અતિ સુકુમાર અને કોમળ કેશ જોઇને તેણે નિયાણું બાંધ્યું કે હું પણ આ તપના પ્રભાવથી બહુ સ્ત્રીનો વલ્લભ થાઉં.' પછી ત્યાંથી મૃત્યુ પામીને તે મહાશુક્ર દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવીને સૂર્યપુરીને વિષે અંધકવૃષ્ણિની સુભદ્રા નામે સ્ત્રીને * (નવ ઉપર) દશમો વસુદેવ નામે પુત્ર થયો, ત્યાં તે બ્હોતેર હજાર સ્ત્રીઓને પરણ્યો.

એ ચારિત્ર વિસ્તારથી વસુદેવહિંડીમાં નેમિચરિત્રમાંથી જાણવું. ઇતિ બીજા નંદિષેણ મુનિની કથા.

---

*૧ સમુદ્રવિજય. ૨ અક્ષોભ. ૩ સ્તમિત, ૪ સાગર, ૫ હિમવાન. ૬ અચળ. ૭ ધરણ. ૮ પૂરણઅને ૯ અભિચંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સિંહગિરિ

આ કથા વજ્રસ્વામીની કથામાં આવી ગઈ છે, ત્યાંથી જાણી લેવી.

## કૃતપુણ્ય કુમાર (કયવન્ના શેઠ)

નિત્ય દાનાદિ કરનારો ભવ્ય પ્રાણી, કૃતપુણ્ય (કયવન્ના) શેઠની પેઠે આલોકમાં તેમ પરલોકમાં સુખ સંપત્તિને પામે છે.

પૃથ્વિરૂપી સ્ત્રીના કપાળને વિષે આભૂષણ સમાન અને સ્વર્ગપુરી જેવું રાજગૃહ નામે એક નગર હતું. ત્યાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. દુશ્મનરૂપી અંધ–કારનો નાશ કરવામાં સૂર્ય જેવો તે રાજા ન્યાય માર્ગે પૃથ્વીનું પાલન કરતો હતો. તે નગરમાં ધનેશ્વર નામે બહુ દ્રવ્યવાન્ સાર્થવાહ રહેતો હતો. તેને સુભદ્રા નામે શીળવતી સ્ત્રી હતી. પૂર્ણ પુણ્યના ઉદયથી તે દંપતીને કૃતપુણ્ય ( કયવન્ન ) નામે પુત્ર થયો તો અનુક્રમે વૃદ્ધિ પામતા સર્વ કળામાં કુશળ થયો. એટલે તેના માતા પિતાએ તેને શ્રીદત્ત શેઠની ધન્યા નામે પુત્રી સાથે પાણિ-ગ્રહણ કરાવ્યું.

આ શ્રેષ્ઠીપુત્ર તો નિરંતર સાધુઓની સંગતિમાં રહેવાથી વિષયને વિષે અવળા મુખવાળો થયો. તે જોઇને તેના માતા પિતાએ વિચાર્યું, 'અહો ! એ જો કદાચિત દીક્ષા લેશે તો આપણી શી ગતિ થશે ? એમ ધારીને તેમણે તેને ગણિકાને ત્યાં રાખ્યો. જેથી તે તેના જેવો થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું છે કે—આંબો અને લીંબડો એ વૃક્ષનાં મૂળ એકઠાં રોપ્યાં હોય તો સંસર્ગને લીધે લીંબડો આંબા જેવો ન થાય, પણ આંબો લીંબડા જેવો થાય.

કૃતપુણ્ય નટ—વિટ ગણિકા પાસે રહેવાથી ગણિકા ઉપર આસક્ત થઈ જવાથી માતા પિતાને પણ ભૂલી ગયો ! તે અનંગસેના નામની ગણિકાનું પડખું જરા પણ મૂકતો નહિં ! તેનાં માતા પિતા પણ તેના ભોગને અર્થે પુષ્કળ દ્રવ્ય મોકલતા. ત્યાં રહેતાં તેને બાર વર્ષ વીતી ગયાં. તે તેને ક્ષણ જેવાં લાગ્યાં.

અહિં તીવ્ર જ્વર ઉત્પન્ન થવાથી તેનાં માતા પિતા મૃત્યુ પામ્યાં. એકદા પેલી અનંગસેના ગણિકાએ પોતાની દાસીને ધન લેવાને અર્થે કૃતપુણ્યને ઘેર મોકલી. તે ગઇ ને જોયું તો ઘર શૂન્ય હતું. તેથી તે કૃતપુણ્યની સ્ત્રીની પાસે જઈ કહેવા લાગી કે, 'હે સ્ત્રી ! તારા પતિએ કુશળ સમાચાર પુછવા માટે મને મોકલી છે. મારી શેઠાણી પાસે રહેલા તારા પતિએ ધન મંગાવ્યું છે માટે મને તે આપો. તમારા પતિ કુશળ છે.' કૃતપુણ્યની સ્ત્રીએ સર્વ સાંભળીને પ્રસન્ન મુખે કહ્યું. 'સખિ, મારા સ્વામીની આજ્ઞા હું મસ્તકે ચડાવું છું. પણ દૈવજ વિપ-રીત છે, ત્યાં કુશળ સમાચાર શા કહું ? તું ધન લેવા આવી છે તે ખરું, પણ હું શું કરું ? મંદભાગ્યને લીધે મારા સાસુ સસરા મૃત્યુ પામ્યા છે તેમણે તેને ધન મોક-લીને તો ઘરની આવી દશા કરી છે. હવે તો મારી પાસે મારા પિતાનું આપેલું એક આભૂષણ છે તે તું લે, લઈ જા. તે મારા સ્વામીને આપીને હર્ષ પમાડ.' તે આભુષણ લઇને દાસી કૃતપુણ્ય શેઠ પાસે ગઇ. તે તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપીને દાસીએ ઘરનું સ્વરૂપ કહી બતાવ્યું. તે સાંભ—
તેણે ખિન્ન થઇને તે આભુષણ વેશ્યાને આપ્યું

પછી દાસીએ એ કૃતપુણ્યના ઘરની સ્થિતિ વિષે કુટ્ટિનીને કહ્યું. ત્યારે કુટ્ટિનીએ કહ્યું. 'હવે એ નિર્ધન થએલા શેઠને કોઈ રીતે કાઢી મૂકવો જોઇએ.' એમ વિચારીને તેના તરફ ધૂળ વિગેરે નાંખવા માંડી! તે જોઇ અનંગસેના તેણીની માતા પાસે આવી કહેવા લાગી. 'એ ગુણવાન શેઠે આપણે ત્યાં ઘણાં વર્ષ સુધી રહી આપણને બહુ દ્રવ્ય આપ્યું છે; તો આપણાથી હવે તેની એમ વિડંબના કેમ થાય?' કુટ્ટિનીએ કહયું. 'એ તો આપણો કુળાચાર છે. જ્યાં સુધી તેની પાસે દ્રવ્ય હોય, ને તે આપણને આપે ત્યાં સુધી આપણે તેનું સન્માન કરવું.

એ સાંભળીને કૃતપુણ્ય વિચારવા લાગ્યો કે. 'સ્રીઓના મન અને વાંણી જુદાં હોય તે બહારથી કંઇ બોલે છે અને કરે છે તો વળી તદ્દન જુદું જ સ્રીઓમાં આ ગુણ સાધારણ હોય છે. આવી સ્રીઓ કેવી રીતે સુખદાયક થાય વેશ્યા સ્રી દ્રવ્યવાન્ એવા કુષ્ઠિ માણસને પણ કામદેવ સમાન ગણે છે અને ખોટો સ્નેહ બતાવે છે. માંસનું બનેલું ને મધુની વાસનાવાળું અને ઉચ્છિષ્ટ ભોજન જેવું અનેક પુરુષોએ ચુંબિત એવું જે વેશ્યાનું મુખ તેનું કોઇ પણ ચુંબન કરે?' ઈત્યાદિ.

કુટ્ટિનીએ કરેલી વિંડંબના સહન કરીને કૃતપુણ્ય પોતાના ઘર તરફ ચાલ્યો.

ઘર આગળ આવીને જુએ છે તો ઘર તદ્દન પડી ગયા જેવું થઈ રહ્યું છે. અંદર ગયો એટલે તેની સ્રીએ તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવતો દીઠો એટલે તે ઉતાવળી ઉભી થઇ. હર્ષ પામી હાથમાં જળનો કળશ લઇને સામી આવી. પછી કૃતપુણ્ય તે જળથી હાથ, પગ અને મુખ ધોઈ પ્રિયાએ આસન ઉપર બેઠો. પછી તેણીએ ભોજન સામગ્રી તૈયાર કરવા માંડી. એટલે કૃતપુણ્યે સ્નાન કરી દેવ મંદિરે જઇ રૂડાં પુષ્ય વડે પૂજા કરીને જિનેશ્વર ભગવાનની સ્તોત્રવડે સ્તુતિ કરી. ત્યાંથી આવીને ભોજન કર્યું. જમ્યા પછી તેને તેની સ્ત્રીએ ઘરનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને તે બોલ્યો. 'અહો ! હું અત્યત દુર્ભાગી ઠર્યો કે, મેં મારા માત પિતાને પણ સુખ દીધું નહી ! મારા જેવો પુત્ર હોય તોએ શું ? ને ન હોય તોએ શું ?

કહ્યું છે કે–શોક ઉત્પન્ન કરનારા ઘણા પુત્રો વડે શું ? કુળદીપક એવો એક પુત્ર હોય તે સારો. કારણ કે, તેવા પુત્ર વડે કુળ પ્રસિધ્ધને પામે છે. વળી જે પોતાના બંધુ–ઓમાં ધર્મ વધારે અને પિતાના કુળમાં યશ વધારે, તેજ ખરો પુત્ર જાણવો. બીજા પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારા પુત્રો તો વૈરીજ સમજવા. વળી શેલડીના ક્ષેત્રમાં જેમ વાંસ નીપજવાથી તો ક્ષેત્ર નાશ પામે છે, તેમ દુષ્ટ પુત્રને લીધે કુળ પણ વિનાશ પામે છે; તેવી જ રીતે અહો ! મેં પણ મારા માતા પિતાને અગાધ દુઃખ સમુદ્રમાં નાંખ્યા અને તેમનું પરંપરાએથી સંચય કરેલું દ્રવ્ય પણ ગુમાવ્યું !'

તેની સ્ત્રીએ કહ્યું, 'હે પ્રિય ! શોક ન કરો જે બનવાનું હોય તો બને જ છે.

કહયું છે કે–ડાહ્યા માણસે ગઈ વસ્તુનો શોક ન કરવો. આવતા કાળની ચિંતા ન કરવી, પણ વર્તમાન કાળ પ્રમાણે વર્તવું કર્મ એજ પ્રધાન છે. રૂડા ગ્રહ હોય તો શું કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકે ? કારણ કે વશિષ્ઠ જેવાએ મુહૂર્ત આપ્યા છતાં રામને કેમ વનમાં જવું પડે ?'

પ્રિયાનાં વચન સાંભળીને શોકનો ત્યાગ કરીને તેણે મનનું સમાધાન કર્યું અને તે ઘરમાં રહેવા લાગ્યો. અનુક્રમે સંસારનાં સુખ ભોગવતાં તેની સ્ત્રીને ગર્ભ રહ્યો.

એકદા કૃતપુણ્ય શેઠે પોતાની પ્રિયાને કહયું. મારા જેવો બીજો કોઇ પાપી પુરુષ નહિ હોય, કારણ કે મારે લીધે મારા માતા પિતા દુઃખી થઈને મૃત્યુ પામ્યાં; મેં ધનનો નાશ કર્યો ! ત્યારે હવે મારાથી દ્રવ્ય વિના વ્યાપાર પણ કેમ થાય ? જેમ બીજ અને પાણી વિના ખેતી થાય નહિ, તેમ મુડી વિના પણ લક્ષ્મી ઉપાર્જન થઈ શકતી નથી.' પ્રિયાએ કહયું 'હે નાથ ! ખેદ ન કરો વૃથા કલ્પના ન કરો. મારી પાસે એક હજાર મ્હોરો છે. તે આપ સ્વીકારો ને મને કૃતાર્થ કરો, તો આપ વ્યાપાર કરો ' પછી તે એક શુભ દિવસે બહુ મૂલ્ય સ્વલ્પ કરિયાણું લઈને પૂર્વ દિશા તરફ એક મ્હોટા સંઘ સાથે જવાને તૈયાર થયો. તેથી તેની સ્ત્રી તેને રાત્રીને વખતે એક દેવમંદિરને વિષે શય્યા ઉપર સુવાડી પાછી ઘેર આવી.

હવે તે જ નગરને વિષે એક મહા દ્રવ્યવાન્ ધનદ નામનો વ્યવહારી વસતો હતો. તેની સ્ત્રીનું નામ રૂપવતી હતું. તેને ધર્મ કરતાં થકાં અનુક્રમે જિનદત્ત નામનો પુત્ર થયો. એવામાં તે વ્યવહારી મૃત્યુ પામ્યો. તેથી તેની સ્ત્રીએ જિનદત્તને સર્વ કાર્યમાં કુશળ કરી ચાર શ્રેષ્ઠીપુત્રી સાથે તેનાં લગ્ન કર્યાં. તેણીઓની સાથે તે અનેક પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો. પણ એકદા રાત્રીએ તે અકસ્માત્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૃત્યુ પામ્યો. એટલે તે સ્થવિર એવી રૂપવતીએ સર્વ વહુઓને બોલાવીને કહ્યું 'જો તમારા સ્વામીના મુત્યુની રાજાને ખબર પડશે, તો તે આપણું દ્રવ્ય લઇ જશે; કારણ કે તમારે એકે પુત્ર નથી. માટે તમારે રૂદન કરવું નહિં પણ ગુપ્ત રીતે કોઇ ન જાણે તેમ શબને ભૂમિમાં સ્થાપી દેવું. હું પણ રુદન નહી કરૂં.' તે સાંભળીને ચારે વહુઓએ પણ તેમ કરવાની હા કહી. વળી સાસુએ કહ્યું. 'તમે દેવકુળ પાસે સંઘ પડયો છે ત્યાં જાઓ, ત્યાં કોઇ માણસ નિંદ્રાવશ હોય તેને ધીમે ધીમે અહિં ઉપાડી લાવો, જયા સુધી તમને પુત્ર પ્રાપ્તિ થાય ત્યાં સુધી તેની તમા I સ્વામીની પેઠે ભક્તિ કરજો.

તે સાંભળીને તે ચારે વહુઓ પોતાના મુત્યુ પામેલા પતિના શબને ભૂમિમાં સ્થાપી આવીને સાસુના કહ્યા પ્રમાણે દેવમંદિર પાસે ગઈ. ત્યાં કૃતપુણ્ય શેઠને સુતેલો જોઇને તેને ઉપાડીને ધીમે ધીમે ઘેર લઈ આવી. આવીને કહેવા લાગી કે. "હે પતિ ! આપ ચિરકાળ પર્યંત જયવંતા વર્તો.' સ્થવિરા રૂપવતી પણ ચારે વહૂઓના જોતાં કૃત–પુણ્યને કન્ઠે વળગી લજ્જા છોડી રુદન કરતી કહેવા લાગી. 'હે વ્હાલા પુત્ર ! તારી માતાને આજ સુધી ત્યજી દઇને કયાં ગયો હતો ! ને કયાં રહ્યો હતો ? હું તારી માતા નિરા–લંબન થઈ પડી હતી. કારણ કે, હે પુત્ર ! તારો જન્મ થતાં જ કોઇ પાપી તને લઇ ગયું હતું.' પછી પ્રભાતે તે વળી કહેવા લાગી. તારો મોટો ભાઇ હમણાં મ્રત્યુ પામ્યો છે, તો તેની સંપત્તિ હવે તારી ઠરી. મને હર્ષ ને શોક બન્ને થાય છે. તે તારા ભાઇની આ ચારે સ્ત્રીઓ 'નદી જેમ સમુદ્રને મળે છે, તેમ તને મળે છે.' હવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારે કયાંય જવું નહિ. અહિં સ્વેચ્છાથી રહેવું. ને આ સ્ત્રીઓ સાથે ભોગ ભોગવ.'

કૃતપુણ્યે તો આ સર્વ જોઇને વિચાર્યું કે, 'આ તે શું સ્વપ્ન છે કે ખરૂં છે? મને તો અહિં સ્વર્ગનું સુખ મળ્યું!' એમ વિચારીને કૃતપુણ્ય કહેવા લાગ્યો કે, "હે માતા! હું તો આ સર્વ ભુલી ગયો છું. હમણા અહિં આવ્યો તે ફક્ત શુભકર્મના ઉદયને લીધે જ.' એમ કહીને વળી તે વિચારવા લાગ્યો. 'આ લક્ષ્મીનો યોગ અને આ સુંદર સ્ત્રીઓનો યોગ એ કુ ને યોગ પોતાની મેળે જ આકાશમાંથી ઉતરી આવ્યા છે! તો હવે મારે તે વિષે વિકલ્પ શો કરવો?' એમ ધારીને તેણે રૂપવતીને કહ્યું, 'હે માતા! હવે હું તારી આજ્ઞા દેવની આજ્ઞાની પેઠે પાળીશ; કારણ કે, તે બન્ને લોકમાં સુખ દેનારી છે.'

અનુક્રમે પેલી ચારે સ્ત્રીઓને ગર્ભ રહ્યો. ચારેએ પુત્રોના જન્મોત્સવ કર્યો. એમ ત્યાંને ત્યાં તેના સુખમાંને સુખમાં બાર વર્ષ વહિ ગયાં. એકદા રૂપવતીએ પોતાની ચારેય વહુઓને કહ્યું. 'હવે તમોને ચારેને પુત્રો થયા છે. તેથી હવે રાજા આપણું ધન લઇ શકશે નહી. માટે આ તમારા પતિને તમે જે સ્થાનેથી લઈ આવ્યા હો, તે જ સ્થાનકે મુકી આવો.' તે સાંભળી વહુઓએ કહ્યું. 'આપણા દ્રવ્યની રક્ષા કરનારને એમ કેમ મુકી અવાય?' ત્યારે રૂપવતીએ કહ્યું. 'પુરુષનું સ્વરુપ ન જણાય જો કદાચિત્ એ આપણું ધન લઇ જાય તો પછી આપણે શું કરીએ?' એમ કહી તેણીએ તેમને પરાણે મુકી આવવા ઉશ્કેરી. પછી તે કૃતપુણ્યને સારૂ ભાતાને અર્થે ચાર મોદક બનાવ્યા ને તેમાં એકેક રત્ન મુકયું. તે ચારે મોદક સુઈ ગયેલા કૃત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુણ્યને વસ્ત્રે બાંધ્યા ને એને સુતેલો જ દાસી પાસે ઉપડાવીને અસલ સ્થાનકે મુકી આવી.

હવે એમ બન્યું કે, તેજ દિવસે બાર વર્ષ પહેલાં ગએલો સંઘ પાછો આવ્યો, ને પ્રથમની પેઠે તે દેવમંદિર પાસે ઉતર્યો. પેલી રુપવતી પણ કૃતપુણ્યને શય્યા સહિત અહિં જ મુકીને ગઇ હતી. સંઘ આવ્યો જાણીને કૃતપુણ્યની સ્ત્રી પામી આવી તો તેણીએ પોતાના પતિને ઉંઘમાંથી જાગતો જોયો. સ્ત્રીને જોઇને તે હર્ષ પામ્યો પછી ઉઠીને પ્રિયા સહિત ઘેર ગયો. પ્રિયાએ તેને ભક્તિ ગૌરવવડે અન્ન પાનાદિ જમાડી પોતાને પુત્ર આવ્યાની વાત કહી પછી તેણીએ તેને પૂછયું 'હે સ્વામિન્! પરદેશથી આપ શું શું લાવ્યા ?' પતિએ ઉત્તર આપ્યો કે, 'પૂર્વભવના પાપના ઉદયથી હું કંઇ કમાયો નહી.' પછી પેલા ચાર મોદક હતા તે સ્ત્રીએ લઈને ભોજન પાત્રમાં મુકયા.

તેમનો પુત્ર નિશાળે જતાં, તેણે સવારમાં ખાવાનું માગ્યું એ ઉપરથી માતાએ તેને પેલા ચાર (લાડુ)માંથી એક મોદક આપ્યો. તે લઇને તે નિશાળે ગયો. રસ્તામાં તેણે લાડુ ખાધો તો તેમાંથી એક રત્ન નીકળ્યું. તેને તે છોકરાએ પત્થરનો કકડો જાણ્યો. તે તે નિશાળે લઈગયો. બીજા નિશાળીઆઓને કહેવા લાગ્યો કે, 'આ પત્થર મને પાટી માંજવામાં બહુ કામમાં આવશે.' તે એમ કહીને તે પત્થર લઇને એક કંદોઇને ત્યાં પાટી માંજવા ગયો. ત્યાં તે (રત્ન) પાણીના ભાજનમાં પડી ગયો. એટલે તે પાણીના બે વિભાગ થઈગયા! તે જોઇને કંદોઇએ વિચાર્યું 'આ કોઈ ઉત્તમ રત્ન છે, માટે એ છોકરાને સમજાવીને'

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

હું તે લઈ લઉં.' એમ વિચારી તે છોકરાને બે લાડુ આપીને પેલું રત્ન પોતે લઈ લીધું ને તેને ગુપ્ત રાખ્યું.

એકદા શ્રેણિક રાજાનો સેચનક નામનો હસ્તિ ગંગા નદીમાં જળ પીવા તથા સ્નાન કરવાને ગયો હશે, તેને કોઈ મગરમચ્છે પકડી રાખીને રુંધ્યો, તેથી તે નીકળી શક્યો નહી. રાજા શ્રેણિક અભયકુમાર સહિત ત્યાં ગયો. ઘણા ઉપાય કર્યા પણ તે સર્વ નકામા થયા! તેથી રાજા બહુ ખેદ પામ્યો. એટલે બુદ્ધિશાળી એવા અભયકુમારે કહ્યુ 'એ હસ્તિને કોઇ જળજ તુએ રોક્યો હશે. માટે જો ક્યાંહિથી જળકાંતમણિ મળી આવે તો તેને હસ્તિની પાસે ફેંકીએ, તો તેથી જળના બે વિભાગ થઈ જશે અને તેથી પેલો જીવ તત્કાળ હસ્તિને છોડીને જળમાં જતો રહેશે.' તે સાંભળીને રાજાએ ભંડારમાંથી તેવો મણિ મંગાવ્યો, પણ ભંડારમાંથી તો નીકળ્યો નહી! ત્યારે નગરને વિષે પટહ વજડાવ્યો કે, 'જે જળકાંત મણિ લાવશે, તેને રાજા પોતાનું અર્દ્ધરાજ્ય ને પોતાની પુત્રી આપશે.' તે પટહ પેલા કંદોઇએ સાંભળ્યો. તેથી તે રાજા પાસે આવ્યો. રાજા તેને નદી ઉપર લઇ ગયા. ત્યાં બહુ લોકો એકઠા થયા. તુરત જ તે કંદોઇએ રત્નને હસ્તિ પાસે ફેંક્યું એટલે તે જળના બે વિભાગ પડી ગયા! ને પેલો મચ્છ હતો તે જળમાં જતો રહ્યો. આ પ્રમાણે હસ્તિ મુક્ત થયો. ત્યાં મૃદંગ, પટહ, ભેરી વિગેરે વાજિંત્ર વાગવા લાગ્યાં. રાજાએ હર્ષ પામીને કંદોઇને સન્માન આપ્યું. તેથી તે પણ બહુ પ્રમોદ પામ્યો. પછી રાજા તે હસ્તિ ઉપર બેસીને અભયકુમાર તથા કંદોઇને પણ ઘોડા ઉપર સવારી કરાવી બહુ મહોત્સવ સહિત નગરમાં આવ્યો અને યાચકોને દાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપવા લાગ્યો. પછી સન્માન પામી કંદોઇ તો મણિ લઇને પોતાને ઘેર ગયો.

હવે પાછળ રાજાએ અભયકુમારને એકાંતમાં બોલાવીને કહ્યું. 'મારી મનોરમા પુત્રી, જે રાજપુત્રને જ યોગ્ય છે, તેણીને હું આ કંદોઇને કેવી રીતે આપી શકીશ ?' તે સાંભળીને અભયકુમારે કહ્યું. 'હે સ્વામિન્ ! આપ એ વિશે બેફિકર રહો, હું એ રત્નના ખરા માલિકને શોધી કહાડીશ. પછી આપનું ધાર્યું થશે. આવું શ્રેષ્ઠ રત્ન રાજાને ઘેર કે, કાં તો પ્રધાનને ઘેર હોય; પણ કંદોઇને ઘેર ન હોય.

કહ્યું છે કે–અમૃત તો ચંદ્રમાને વિષે હોય તેજ સૂર્યમાંજ હોય, રત્ન સમુદ્રમાં જ હોય, ગ્રહ આકાશમાં જ હોય, ઐરાવત દેવલોકમાં જ હોય, માધુર્ય ગીર્વાણભાષામાં જ હોય; તેમ ચક્ર પણ ચક્રવર્તિને ત્યાં હોય, બીજે હોતાં નથી. વળી રત્નો પણ રોહણાચળે કે સમુદ્રમાંજ હોય, ને હસ્તિઓ પણ વિંધ્યાટવીમાં જ હોય છે બીજે હોતા નથી. તે પ્રમાણે ઉત્તમ વસ્તુઓ પણ રાજાને ત્યાં, મોટા કોઈ વ્યવહારીઆને ત્યાં કે પ્રધાનને ત્યાં જ હોય છે. બીજે નથી હોતી.

માટે આ રત્ન કોઈ વ્યવહારીનું હશે. જેનું હશે તેને જ અર્દ્ધરાજ્ય ને કન્યા મળશે.' તેની આવી બુદ્ધિ ઉપરથી શ્રેણિક રાજા હર્ષ પામ્યો.

પછી અભયકુમારે પેલા કંદોઇને બોલાવવાને સેવકોને આજ્ઞા કરી. તે એમ કહીને કે, 'તને અર્દ્ધ રાજ્ય અને રાજાની પુત્રી આપવી છે.' તે સાંભળીને તે અને તેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંબંધી સંતુષ્ટ થયા. કંદોઇ તો ઉત્તમ વસ્ત્ર પહેરી દરબારમાં આવ્યો. તેને સન્માન આપીને અભયકુમારે પુછ્યું. 'આ રત્ન તને કયાંથી જડયું ?' તેણે ઉત્તર આપ્યો કે, એ તો મારા ઘરમાં કુળક્રમથી છે.' તે ઉપરથી અભયકુમારે પહેલા શીખવી રાખેલા અનુચરોને બોલાવીને કહ્યું. 'આને અર્દ્ધરાજ્ય અને કન્યા આપો.' સેવકોએ તે સાંભળીને ચાબખા વડે તેના ઉપર એવી રીતે પ્રહાર કર્યો કે તે ક્ષણમાં નિશ્ચેતન થઈ કાષ્ઠ જેવો બની ગયો. થોડીવારે શુદ્ધિ આવી ત્યારે તેને વળી અભયકુમારે પુછ્યું. 'બોલ સાચી વાત કહે નહિ તો પ્રહારથી મૃત્યુ આવ્યું સમજજે.' મૃત્યુંના ભયથી કંદોઇએ ખરી ખરી વાત કહી દીધી. અભયકુમારે એ સર્વ વાત સાચી માની; કારણ કે સુવર્ણના પર્વત મેરૂ સિવાય અને કલ્પવૃક્ષ સ્વર્ગ સિવાય હોય નહિ એ ઉપરની રાજાએ અભયકુમારના વચનથી કૃતપુણ્ય શેઠને અર્દ્ધ રાજ્ય આપ્યું અને મનોરમા પુત્રીને પરણાવી. રાજાના આદેશથી અભયકુમારે પછી તે કંદોઇને પણ એક ગામ આપ્યું અને એક કંદોઇની કન્યા પરણાવી. એટલા માટે કે, રાજાનુ કહેવું નિષ્ફળ ન જાય.

ત્યાર પછી કૃતપુણ્યને વાજતે ગાજતે તેને ઘેર મોકલાવ્યા. તે દંપતિને જોઇને લોકો કહેવા લાગ્યા. 'જેવી રતિ અને કામદેવની, લક્ષ્મી અને કૃષ્ણની તેમજ ગૌરી અને શંભુની જોડી શોભે છે, તેવી આ જોડી શોભે છે.

હવે તો કતપુણ્યને અભયકુમારને ચંદ્રને સમુદ્રના જેવી અને કમળને સૂર્યના જેવી પ્રીતી થઈ. એકદા કૃતપુણ્ય શેઠે અભયકુમારને પોતાની ચાર સ્ત્રીઓ અને તેણી-

નાથી જન્મેલા ચાર પુત્રો સંબંધી વાત કહી. પણ કહ્યું કે 'હું તે મંદિરને ઓળખતો નથી.' અભયકુમાર મંત્રીએ કહ્યું અહો ! આશ્ચર્ય છે કે જે ઘરમાં તમે બાર વર્ષ સુધી રહ્યા. તે ઘર તમે જાણતા નથી ! ! ! શું તમારૂં ચાતુર્ય !' કૃતપુણ્ય શેઠે કહ્યું. 'મને ત્યાં લઈ ગયા ત્યારે હું ઉંઘી ગએલો હતો, ને પાછો મુકી ગયા ત્યારે પણ એજ અવસ્થામાં હતો; અને મને ત્યાં પણ સાતમે માળે રાખ્યો હતો.' અભયકુમારે કહ્યું 'તમને તમારા ચારે પુત્રો ઓળખે કે નહિ ?' ત્યારે તેણે કહ્યું. 'અહો ! કેમ ન ઓળખે ? તેઓ હાથ વડે મારી મુછ પકડતા ને ખોળામાં બેસીને બાપા બાપા કહીને નિત્ય બોલાવતા.' પછી અભયકુમારે પુછયું. 'ત્યારે તમે તમારી તે સ્ત્રીઓને ઓળખો કે નહી ? શેઠે હા કહી. તેથી તેણે કહ્યું. 'આ ઉપરથી તો જરૂર હું તમારી સ્ત્રીઓ તથા પુત્રોને પ્રગટ કરી બતાવીશ.'

પછી મંત્રીશ્વરે એક મોટો પ્રાસાદ બનાવ્યો. તેમાં એક દ્વારથી અંદર જવાય અને બીજા દ્વારથી બહાર નીકળાય એવું કર્યું. તેમાં કૃતપુણ્ય શેઠના જેવી જ એક યક્ષની પ્રતિમાં તેણે મુકાવી. એમ કરીને તેણે નગરને વિષે પટહ વજડાવ્યો કે, 'જે જે સ્ત્રી પોતાના બાળકોને લઇને પાંચ મોદક (લાડુ) સહિત આવીને યક્ષને નમન કરીને બીજે બારણેથી નીકળશે, તેમનું કુશળ થશે; ને એમ નહિ કરે તેમનું મૃત્યુ થશે.' નક્કી કરેલી ચૌદશ આવી એટલે કૃતપુણ્ય શેઠને લઇને અભયકુમાર તે પ્રાસાદ પાસે આવીને બેઠા. નગરની સ્ત્રીઓ આવવા લાગી. બાળકો તથા મોદકના થાળ લઇને એક બારણેથી પેસીને યક્ષને નમી, મોદક ત્યાં મુકી બીજે બારણેથી બહાર નીકળવા માંડી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલામાં તો પેલી વૃદ્ધ રૂપવતી પોતાની ચારે વહુઓ તથા તેમના ચારે પુત્રોને લઇને યક્ષને વંદન કરવાને આવી ત્યારે કૃતપુણ્ય શેઠે કહ્યું. 'આ તે વૃદ્ધ સ્ત્રી છે કે, જે મોદ કનો થાળ મુકીને નમન કરે છે !' પછી પેલી ચાર સ્ત્રીઓ તથા તેણીઓના પુત્ર પણ વદન કરવા આવ્યા. સરખી આકૃતિથી યક્ષને પોતાના પિતા જાણી પુત્રો તેની મુછો પકડવા લાગ્યા. કોઈ મસ્તકે અડવા લાગ્યા ! તો કોઈ તેને હાથે ને કોઈ ઉદરે સ્પર્શ કરવા લાગ્યા ? તે જોઈને અભયકુમારે ત્યાં આવીને કહયું 'જુઓ શેઠ, આ તમારા ચારે પુત્રો તથા આ તમારી ચારે સ્ત્રીઓ.' પછી તેમની પાછળ પોતાના સેવકને મોકલીને તેમનું ઘર જાણી લીધું ને બુદ્ધિએ કરીને તેણે તે સ્રીઓ, પુત્રો તથા એમની લક્ષ્મી કૃતપુણ્યને અપાવી. પેલી અનંગસેના વેશ્યાએ પણ તેને અંગીકાર કર્યો. આ પ્રમાણે કૃતપુણ્ય શેઠને સાત સ્રીઓ થઈ

એકદા ત્રણે જગતને વંદન કરવા યોગ્ય એવા શ્રી મહાવીરસ્વામી ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડવાને અર્થે વૈભારગિરિ ઉપર સમવસર્યા. તે વખતે શ્રેણિક રાજા, અભયકુમાર તથા કૃતપુણ્ય શેઠ પ્રમુખ પરિવાર સહિત શ્રી વીર ભગવાનને વાંદવાને અર્થે આવ્યા. ત્યાં પ્રભુએ દેશના દીધી.

'હે પ્રાણીઓ ! આ જૈનધર્મ ધનની ઇચ્છાવાળાઓને ધન આપે છે. કામની ઈચ્છાવાળાઓને કામ આપે છે, સૌભાગ્યના અર્થિઓને સૌભાગ્ય આપે છે અને પુત્રના અર્થિઓને પુત્ર આપે છે. વળી રાજ્યના અર્થિઓને રાજ્ય આપે છે. નાના પ્રકારની ઇચ્છાવાળાઓની ઇચ્છા પૂર્ણ કરે છે. છેવટે સ્વર્ગ અને મોક્ષને પણ તેજ ધર્મ આપે છે.'

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

દેશનાને અંતે કૃતપુણ્ય શેઠે અંજલિ જોડીને પ્રભુને પુછ્યું. 'હે પ્રભો ! મેં પૂર્વ ભવે કેવાં કેવાં કર્મ ઉપાર્જન કર્યાં હતાં કે, આ ભવે મને વચ્ચે વચ્ચે સુખ અને દુઃખ પ્રાપ્ત થયાં ?' પ્રભુએ કહ્યું. 'તું પૂર્વ ભવે શ્રીપુર નગરને વિષે ગોવાળ હતો. એકદા દુઃખી અવસ્થામાં તેં ઘેર ઘેર ખીર રંધાતી જોઇને તારી માતા પાસે તે માંગી. ત્યારે તારી માતાએ રોતાં રોતાં કહ્યું કે 'ભાઇ ઘરમાં કંઇજ નથી, તો ખીર ક્યાંથી આપું ? ઘરમાં અન્ન નથી, પાણી પણ નથી, નથી મગ કે નથી જાર; નથી મીઠું કે નથી બીજુ કાંઈ અનાજ કે ખવાય, અર્થાત કંઈ ખાવાનું નથી.' પણ તેને રોતો જોઇને પાડોશણોએ ચોખા, દુધ ને સાકર વિગેરે આપ્યાં. તેની તારી માતાએ ખીર રાંધીને તને પીરસી ને પોતે પાડોશીને ઘેર બેસવા ગઈ. એવામાં કૃશ શરીરવાળા કોઈ બે સાધુ માસ ખમણને પારણે આવ્યા તેને જોઇને તે ગોવાળ ચિંતવવા લાગ્યો કે, 'અહો ! આજ મારો દિવસ સફળ થયો આજની વેળા મને બહુ સુખ દાયક છે કે, આજે આવા ઉત્તમ સાધુઓ આવ્યા ! હું તેમને વહોરાવીને કૃતાર્થ થઇશ.' એમ વિચારીને ગોવાળ હર્ષ વાળા મને ઉભો થયો, ને પ્રણામ કરીને મુનિ કહેવા લાગ્યો. 'અહો ! મારા ધનભાગ્ય કે, આજે આપનાં પગલાં થયાં ! આપ આ શુદ્ધ આહાર ગ્રહણ કરો.' એમ કહીને એક ભાગની ખીર તેણે તેમને વહોરાવી. ફરી તે વિચારવા લાગ્યો. 'આટલી ખીર એમને શું થશે ?' એમ કહીને તેમને બીજીવાર ખીર વહોરાવી. વળી થોડી ત્રીજી વાર વહોરાવી તે સાધુઓ ગયા પછી તે ગોવાળની માતા આવી. તેણે તેને બાકીની ખીર પીરસી. અનુક્રમે તે ગોવાળ મૃત્યુ પામ્યો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને કૃતપુણ્ય તરીકે તું ઉત્પન્ન થયો. તેં ત્રણ વાર વિભાગ કરીને દાન દીધું. તે ઉપરથી તને એવું આંતરે આંતરે ત્રણવાર સુખ મળ્યું.'

પ્રભુએ કહેલો પોતાનો પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળીને કૃતપુણ્ય શેઠે પોતાના મોટા પુત્રને ઘરનો ભાર સોંપ્યો, સાતે ક્ષેત્રોમાં તેણે ધનનો વ્યય કર્યો. પછી તેણે શ્રી વીર ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. અંતે તે દેવલોકને વિષે ગયા. ત્યાંથી ચ્યવીને તે મોક્ષે જશે.

ઇતિ કૃતપુણ્ય કથા

# સુકોશલમુનિ

જે પ્રાણી વાઘ, સિંહ પ્રમુખ જનાવરોના ઉપસર્ગોને સહન કરે છે, તે પ્રાણી સુકોશળ મુનિની પેઠે શિવપદને પામે છે.

પૂર્વે અયોધ્યા નામે નગરીમાં ઇક્ષ્વાકુ વંશનો કીર્તિધર નામે રાજા ન્યાયથી રાજ્ય કરતો હતો. તેને સહદેવી નામે રાણી હતી. તેમને સુકોશલ નામે પુત્ર થયો. તે અનુક્રમે ધર્મશાસ્ત્ર અને કર્મશાસ્ત્ર પ્રમુખ શીખ્યો. એકદા શ્રી ધર્મઘોષ નામે આચાર્ય ત્યાં પધાર્યા. રાજા પ્રમુખ ધર્મ સાંભળવાને ગયા. ગુરુએ ઉપદેશ આપ્યો.

કે, 'જે પ્રાણી આર્યદેશ, ઉત્તમકુળ, રૂપ, બળ, આયુષ્ય, બુદ્ધિ અને આવું દુર્લભ મનુષ્યપણું પામીને ધર્મકાર્ય કરતા નથી, મુર્ખ પ્રાણી સમુદ્રમાં વહાણ ડુબે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમ સંસારમાં જ ખુંચી જાય છે,

વળી જ્યાં સુધી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત નથી થઈ. શરીરમાં રોગ નથી આવ્યો અને ઈંદ્રિયો પણ હીન નથી થઇ. ત્યાં સુધીમાં ધર્મ આચરવો. વિષયભોગ ફક્ત હલકા પુરૂષોનેજ વશ કરે છે પણ ઉત્તમ પુરુષોને નહી. જેમ કે, લુતા તંતુથી તો મચ્છર બંધાય પણ કાંઇ હસ્તિ બંધાય નહી. વળી વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત શરીરવાળા માણસનું શરીર સંકોચાઇ જાય છે, દાંત પડી જાય છે, આંખનું તેજ ઘટે છે શરીરનું રુપ બદલાય છે, મુખમાંથી લાળ નીકળે છે, બંધુવર્ગ તેની સાથે વાતચીત કરતો નથી, સ્રી પણ સેવા કરતી નથી અને પુત્રો પણ અવજ્ઞા કરે છે. અર્થાત કહ્યું કરતા નથી. એવું એવું કષ્ટ છે. વળી સંધ્યા સમયના રંગ પાણીના પરપોટા અને ડાભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા જીવિત છતે અને નંદિના વેગ સમાન યૌવન છતે પણ હે પાપી જીવ ! તું બોધ નથી પામતો એ શું ?'

આચાર્યને મુખેથી એ પ્રમાણે ધર્મોપદેશ સાંભળીને કીર્તિધર રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેમણે પોતાના નાની વયના પણ સુકોશલ પુત્રને રાજ્ય કારભાર સોંપી દીક્ષા ગ્રહણ કરી. શાસ્રાર્થ ગ્રહણ કર્યા પછી તે એકલવિહારી થઈ વિચરવા લાગ્યા.

પાછળ માતાએ પુત્ર સ્નેહને લીધે સુકોશલની દંત-પંક્તિ (દાંતની ઓળ)ને સુવર્ણથી મઢાવી. તે પુત્ર જ્યારે જ્યારે પિતાને સંભારે, ત્યારે ત્યારે તેની માતા પોતાના પતિ કીર્તિધરના દોષજ બતાવે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા કીર્તિધર રાજા છઠ્ઠને પારણે ભિક્ષાને અર્થે અયોધ્યા નગરીમાં આવ્યા. તેમની રાણી સહદેવએ જોયા. તેથી તે રાણીને વિચાર થયો કે 'જો મારો પુત્ર આને દેખાશે, તો તે પણ દીક્ષા લેશે. માટે એ યતિને નગરની બહાર કઢાવી મુકું' એમ વિચારીને તેણીએ સુકોશલને ખબર ન પડે તેવી રીતે તે મુનિનો સેવક પાસે પરાભવ કરાવીને તેમને નગરમાંથી કઢાવી મુકયા. એ વાત ધાત્રીએ સુકોશલને કહી. તે ઉપરથી તેણે સાધુને શહેરમાં આવવા વિનંતિ કરી; પણ કીર્તિધરે ઉપસર્ગનો સંભવ બતાવીને અંદર આવવાની ના કહી. એથી સુકોશલે પિતાનો પરાભવ માતા વડે કરાયેલો જાણીને સમજીને સર્વ રાજ્ય ત્યજી દઇને તેમની પાસે દીક્ષા અંગીકાર કરી, ને પિતાની સાથે વિહાર કરવા લાગ્યો. તેઓ બન્ને તીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા.

હવે સહદેવી રાણી પોતાના પતિ અને પુત્રના વિયોગને લીધે આર્ત્તધ્યાને મૃત્યુ પામી વનને વિષે વાઘણ થઈ એકદા તે બંને મુનિ (પિતા-પુત્ર) વિહાર કરતા કરતા, આ વાઘણ રહેતી હતી તે વનમાં આવ્યા. વાઘણને સામી આવતી જોઈને 'ઉપસર્ગ થશે' એમ જાણી કીર્તિધરે બીજે માર્ગે જવાનું કહ્યું, પણ સુકોશલ તો સાહસ આદરીને તેજ માર્ગે ગયો ને અનશન કર્યું. ત્યાં તેને વાઘણે વિદારી જીવ લીધો. તેનું રૂડું ધ્યાન હોવાથી તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તે સર્વ કર્મ ક્ષય કરી મૃત્યું પામી મોક્ષે ગયા. વાઘણને સુકોશલની દંતપંક્તિ જોઈ ઈહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પુત્રને ઓળખી પોતે બહુ પશ્ચાત્તાપ કર્યો. આત્માને નિંદવા લાગી ને ત્યાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૃત્યુ પામીને તે આઠમાં સહસ્રાર દેવલોકે ગઈ. કીર્તિધર મુનિ પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિપદ પામ્યા.

ઇતિ સુકોશલ મુનિ કથા

# પુંડરીક કુંડરીક

જે પ્રાણી મન, વચન કાયાએ કરીને શુદ્ધ સંયમ પાળે છે, તે પ્રાણી પુંડરીક મુનિની પેઠે પાપથી મુક્ત થાય છે. વળી જે મનુષ્ય સંયમ લઇને તેની નિરંતર વિરાધના કરે છે, તે મનુષ્ય કુંડરીક મુનિની પેઠે દુર્ગતિએ જાય છે.

જે પ્રાણી અષ્ટાપદ પર્વત ઉપર ચોવીશ જિનેશ્વરને વંદન કરે તે પ્રાણી તેજ ભવે મોક્ષે જાય એવું શ્રી વીર ભગવાનનું કહેવું સાંભળીને ગૌતમસ્વામી ત્યાં ગયા. ત્યાં જઇ પ્રભુને નમસ્કાર કરીને જેવા તેઓ ગોખમાં બેઠા છે, તેવામાં ત્યાં વૈશ્રમણ દેવતા આવ્યો. તે પણ પ્રભુને વંદન કરીને તેમની પાસે ધર્મ સાંભળવા આવ્યો. એટલે ગૌતમસ્વામીએ પુંડરીક નામનું અધ્યયન કહ્યુ, તે તે દેવે સદ્દહ્યું અનુક્રમે તે દેવ ત્યાંથી ચ્યવીને વજ્રસ્વામીના જીવપણે ઉત્પન્ન થયો. તે પુંડરીક અધ્યયન આ પ્રમાણે છે :–

મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતિ વિજયને વિષે સ્વર્ગપુરી સમાન પુંડરીકિણી નામે નગરી હતી. તેમાં મહાપદ્મ નામે રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતે. તેને પદ્માવતી નામે શીલવતી રાણી હતી. આ દંપતીને અનુક્રમે પુંડરીક અને કુંડરીક નામે બે પુત્રો થયા.

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

એકદા કીર્ત્તિધર રાજા છઠ્ઠને પારણે ભિક્ષાને અર્થે અયોધ્યા નગરીમાં આવ્યા. તેમની રાણી સહદેવીએ જોયા. તેથી તે રાણીને વિચાર થયો કે 'જો મારો પુત્ર આને દેખાશે, તો તે પણ દીક્ષા લેશે. માટે એ યતિને નગરની બહાર કઢાવી મુકું' એમ વિચારીને તેણીએ સુકોશલને ખબર ન પડે તેવી રીતે તે મુનિનો સેવક પાસે પરાભવ કરાવીને તેમને નગરમાંથી કઢાવી મુકયા. એ વાત ધાત્રીએ સુકોશલને કહી. તે ઉપરથી તેણે સાધુને શહેરમાં આવવા વિનંતિ કરી; પણ કીર્ત્તિધરે ઉપસર્ગના સંભવ બતાવીને અંદર આવવાની ના કહી. એથી સુકોશલે પિતાનો પરાભવ માતા વડે કરાયેલો જાણીને સમજીને સર્વ રાજ્ય ત્યજી દઇને તેમની પાસે દીક્ષા અંગીકાર કરી, ને પિતાની સાથે વિહાર કરવા લાગ્યો. તેઓ બન્ને તીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા.

હવે સહદેવી રાણી પોતાના પતિ અને પુત્રના વિયોગને લીધે આર્ત્તધ્યાને મૃત્યુ પામી વનને વિષે વાઘણ થઈ એકદા તે બંને મુનિ (પિતા–પુત્ર) વિહાર કરતા કરતા, આ વાઘણ રહેતી હતી તે વનમાં આવ્યા. વાઘણને સામી આવતી જોઈને 'ઉપસર્ગ થશે' એમ જાણી કીર્ત્તિધરે બીજે માર્ગે જવાનું કહ્યું, પણ સુકોશલ તો સાહસ આદરીને તેજ માર્ગે ગયો ને અનશન કર્યું. ત્યાં તેને વાઘણે વિદારી જીવ લીધો. તેનું રૂડું ધ્યાન હોવાથી તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તે સર્વ કર્મ ક્ષય કરી મૃત્યું પામી મોક્ષે ગયા. વાઘણને સુકોશલની દંતપંક્તિ જોઈ ઇહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પુત્રને ઓળખી પોતે બહુ પશ્ચાત્તાપ કર્યો. આત્માને નિંદવા લાગી ને ત્યાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૃત્યુ પામીને તે આઠમાં સહસ્રાર દેવલોકે ગઈ. કીર્તિધર મુનિ પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિપદ પામ્યા.

ઇતિ સુકોશલ મુનિ કથા

# પુંડરીક કુંડરીક

જે પ્રાણી મન, વચન કાયાએ કરીને શુદ્ધ સંયમ પાળે છે, તે પ્રાણી પુંડરીક મુનિની પેઠે પાપથી મુક્ત થાય છે. વળી જે મનુષ્ય સંયમ લઇને તેની નિરંતર વિરાધના કરે છે, તે મનુષ્ય કુંડરીક મુનિની પેઠે દુર્ગતિએ જાય છે.

જે પ્રાણી અષ્ટાપદ પર્વત ઉપર ચોવીશ જિનેશ્વરને વંદન કરે તે પ્રાણી તેજ ભવે મોક્ષે જાય એવું શ્રી વીર ભગવાનનું કહેવું સાંભળીને ગૌતમસ્વામી ત્યાં ગયા. ત્યાં જઇ પ્રભુને નમસ્કાર કરીને જેવા તેઓ ગોખમાં બેઠા છે, તેવામાં ત્યાં વૈશ્રમણ દેવતા આવ્યો. તે પણ પ્રભુને વંદન કરીને તેમની પાસે ધર્મ સાંભળવા આવ્યો. એટલે ગૌતમસ્વામીએ પુંડરીક નામનું અધ્યયન કહ્યું, તે તે દેવે સદહ્યું અનુક્રમે તે દેવ ત્યાંથી ચ્યવીને વજ્રસ્વામીના જીવપણે ઉત્પન્ન થયો. તે પુંડરીક અધ્યયન આ પ્રમાણે છે:—

મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતિ વિજયને વિષે સ્વર્ગપુરી સમાન પુંડરીકિણી નામે નગરી હતી. તેમાં મહાપદ્મ નામે રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામે શીલવતી રાણી હતી. આ દંપતીને અનુક્રમે પુંડરીક અને કુંડરીક નામે બે પુત્રો થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા નલિનિ વનના ઉદ્યાનને વિષે સાધુ પધાર્યા. તે સાંભળીને મહાપદ્મ રાજા પોતાના બન્ને પુત્રોને સાથે લઇને વંદન કરવા ગયો. મુનિએ ધર્મોપદેશ આપ્યો.

'વ્યાધિ વેદનાથી ભરેલા અસાર સંસારમાં સુખ નથી એમ જાણતાં પણ આ જીવ જિનપ્રણીત ધર્મને કરતો નથી'

એ સાંભળીને વૈરાગ્ય પામી મહાપદ્મ રાજાએ પુંડરીકને રાજ્ય સોંપી સંયમ ગ્રહણ કર્યો. પુંડરીક પોતાના ભાઈ કુંડરીક સહીત રાજ્ય કરવા લાગ્યો. એકદા પુંડરીક કહેવા લાગ્યો. 'હે ભાઈ કુંડરીક બહું સમય થયા સંસાર ઉપરથી મારૂં ચિત્ત વિરાગી થયું છે. માટે તું રાજ્ય ગ્રહણ કર; હું તો ચારિત્ર અંગીકાર કરીશ.' ન્હાના ભાઇએ ઉત્તર આપ્યો કે, 'હે મોટા ભાઈ! તમે કેમ એમ કહો છો? જે સત્પુરૂષો હોય છે તે તો પોતાના વ્હાલાને સુખ આપે છે પણ તમે તો મને ઉલટો સંસારરૂપી સમુદ્રમાં નાંખવાને ઈચ્છો છો! એમ કેમ? વળી જિનેશ્વર ભગવાન કહે છે કે, રાજ્ય તો નરકાદિ દુર્ગતિને આપનારૂં છે.' પુંડરીકે કહ્યું. 'મને વિષયભોગ બિલકુલ રૂચતા નથી. કારણ કે, આ મત્સરી અને વિષમૂર્ત્તિ જે ઇંદ્રિયો છે, તે માણસોને સંસારમાં જ રાખે છે.' ત્યારે કુંડરીકે કહ્યું. 'ભાઈ, તમે કહો છો તે ખરૂં છે, પણ રાજાનો મોટો પુત્ર હોય, તેણેજ રાજ્ય અંગીકાર કરવું જોઇએ. માટે હવે તમે લેશ માત્ર પ્રત્યુત્તર આપશો નહિ' એમ કહી પુંડરીકનો બોલતા બંધ કરી કુંડરીકે દીક્ષા લીધી.

પુંડરીક પ્રજાનું પાલન કરતો થકો મન વિના સ્ત્રીસુખ ભોગવતો અને નાનો ભાઈ કંડરીક તો નાના પ્રકારના

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અભિગ્રહ-તપ પ્રમુખ કરતો સંયમ પાળવા લાગ્યો.

હવે એકદા એમ બન્યું કે, કુડરીકને કોઈ રાજાની સંપત્તિ જોઇને વિચાર થઈ આવ્યો કે, 'અહો! મેં વૃથા રાજ્ય ખોયું. જેને માટે આવું કષ્ટ સહન કરવું પડે છે. તેથી સ્વર્ગ સુખ મળે છે તેની કોને ખબર છે? આ રાજ્ય તો પ્રત્યક્ષ સુખનું આપનારૂં છે. મેં વિના કારણે આ કાયક્લેશ વ્હોરી લીધો! આવી તપશ્ચર્યા કરવી, ને ઇંદ્રિયોને દમવી એ કાયાને વેદના માટે જ થાય છે.' આમ વિચારતો અધમ આશયવાળો કુંડરીક એકેંદ્રિયાદિ જીવની વિરાધના કરવા લાગ્યો અને ભાઈ પાસેથી પિતાનું રાજ્ય લેવાને ઇચ્છાતુર થઇ પુંડરીકિની નગરી પ્રત્યે ગયો. ત્યાં જઈ બહારના ઉદ્યાનમાં પોતાના સમસ્ત ઉપકરણને વૃક્ષની શાખાએ બાંધીને બેઠો. ઉદ્યાનપાલક પાસેથી પુંડરીકે પોતાના ભાઈના આગમનની ખબર જાણી તેથી ખુશી થઇને આવીને વંદન કર્યું. ત્યાં તેણે પેલા વૃક્ષે બાંધેલાં ઉપકરણો જોઈ વિચર્યું કે, 'અહો! આવા વૈરાગ્યની વાસનાવાળા પણ આ પ્રમાણે સચિત્તાની વિરાધના કરે છે! તો એ સર્વ મોહનીય કર્મનો જ વિલાસ જાણવો.

કહ્યું છે કે-ક્ષણમાં આસક્ત, ક્ષણમાં મુક્ત, ક્ષણમાં ક્રોધી અને ક્ષણમાં ક્ષમાવાનૂ આ પ્રમાણે માણસોને મોહ ક્રીડા વડે વાનરના જેવું આચરણ કરાવે છે.

ત્યાં તો કુંડરીકે કહ્યું. 'હે ભાઈ! આ ચારિત્ર મારાથી પળાતું નથી; માટે મને રાજ્ય આપ.' મોટા ભાઈએ કહ્યું. 'મેં તને પહેલેથી જ કહ્યું હતું કે, તું દીક્ષા ને લે; તોપણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારે હવે રાજ્યની ઈચ્છા હોય તો તું રાજ્ય લે. મારે સંયમ લેવો છે.' એમ કહી પોતે સંયમનાં ચિન્હ–ઓઘો મુહપત્તિ લીધાં અને છત્ર ચામરાદિ રાજ્યચિન્હ કુંડરીકે લીધાં. પછી પુંડરીક સાધુ તો નિઃશંકપણે વિહાર કરવા લાગ્યો.

અહિં કુંડરીક રાજ્ય પ્રાપ્ત થયા પછી બહુ અન્ન ખાવા લાગ્યો. તે ઉપરથી તેના સેવકો હસવા લાગ્યા. તે જોઈને તેણે કહ્યું. 'જેઓ-મારો ઉપહાસ કરે છે, તેમને મારે શિક્ષા કરવી પડશે.' પણ એવું બન્યું કે તે જ રાત્રીએ કર્મ યોગે તેને વિશૂચિકા (ઝાડો અને બકારી) થઈ! સેવકોએ તેને જે જે દવા આપી, તે તે દવાથી તેને ગુણ થયો નહી! તે ઉપરથી તેણે ક્રોધમાં આવી જઈને વિચાર કર્યો કે, 'જરુર આ સેવકો વિગેરે માણસોએ મારો ઘાત કરવાને આદર કર્યો છે. માટે જો હું નિરોગી થઈશ, તો ઘાણીમાં ઘલીને એ સર્વના હું પ્રાણ લઈશ!' એવો રૌદ્રધ્યાનમાં તે જ રોગથી મૃત્યુ પામીને તે સાતમી નરકે ગયો.

પુંડરિક મુનિ તો પોતાની મેળે જ ચારિત્ર ગ્રહણ કરી જિનેશ્વરે કહેલા શુદ્ધ નિયમને પાળવાને આતુર થયા થકા વિચારવા લાગ્યા કે, 'હવે હું ગુરુ પાસે જઈ તેમને હાથે દીક્ષા ગ્રહણ કરી સંયમ પાળીશ.' એમ વિચારીને તો ચાલ્યા. માર્ગમાં કોઈને ઘેરથી અન્ન લાવીને એકાંતમાં જમી કોઈ ગામમાં તૃણનો સંથારો કરી રાત્રીને વિષે સૂતા. રાત્રીને વિષે બહુ ટાઢને લીધે વેદના થવાથી તે વિચારવા લાગ્યા 'અહો! હું કેવો મંદ ભાગી ઠર્યો! કે, મેં ગુરુને પણ વાંદ્યા નહિ! તો આ લીધેલું ચારિત્ર પણ ફોગટ જશે!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરુ પાસે ગયો હોત તો શુદ્ધ સંયમને પામત.'

## બુદ્ધિ વૈભવ ઉપર રોહકની કથા

બુદ્ધિમાન મનુષ્યની મોટી ભક્તિથી આરાધના કરવી પણ તેને કોપાવવો નહિ. બુદ્ધિમાન પુરૂષ સર્વ કાર્યોમાં રોહા દકની જેમ સહાય કરનાર થાય છે.

માળવદેશમાં ઉજ્જયીની નગરની નજીક એક નાનું ગામ હતું ત્યાં ભરત નામે નટ રહેતો હતો તે ગામમાં નટ લોકોની વસ્તી ઘણી હતી ભરતને રોહક નામે એક દીકરો બહુ બુદ્ધિશાળી હાજર જવાબી બીરબલ જેવો થયો. બહુ નાની ઉમરમાં તેની માતા મરી ગઈ. તેથી તેનો બાપ પોતાની અને પુત્રની સેવા કરવા માટે બીજી સ્ત્રી પરણ્યો. તે સ્ત્રી ઓરમાન પુત્ર સમજી તેની કાળજી કરતી ન હતી તેને સારી રીતે સ્નાન ભોજન વગેરે કરાવતી ન હતી તેથી રોહકે તેને કહ્યું કે 'માતા ? તમે મને સારી રીતે સાચવતા નથી તો તમારે સહન કરવું ભારે પડશે. તેણીએ કહ્યું કે 'જા, જા, તું મને શું કરવાનો હતો ? રોહકે કહ્યું કે હું એવું કરીશ કે તું મારે પગે પડીશ આમ કહયા છતાં તે સુધરી નહિ. એટલે એક દિવસ અચાનક રાત્રે ઉઠીને રોહક પિતાને કહેવા લાગ્યો કે 'અરે પિતાજી પિતાજી ! આ કોઈ પુરુષ આપણા ઘરમાંથી ચાલ્યો જાય છે. બાળકનું વચન સાંભળી તેના પિતાના મનમાં શંકા-થઈ. કે કોઈ જાર પુરુષ મારી સ્ત્રી પાસે આવતો લાગે છે. તેથી સ્ત્રી ઉપર અણગમો થતાં તે પોતાની સ્ત્રી તરફ બેદર કાર બન્યો તે સ્ત્રીને કોઈ વસ્તુ લાવી આપતો નહિ અને તેથી સાથે વાર્તાલાપ પણ કરતો નહિ. આથી સ્ત્રીએ વિચાર્યું કે 'નક્કી રોહકના ભરમાવ્યાથી મારા પતિએ મારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે અબોલા લીધા લાગે છે. તેથી બહુજ નરમાશથી રોહક ને કહેવા લાગી કે હે વત્સ ? મારી ભુલ થઇ, હવે હું તને સારી રીતે સાચવીશ. રોહકે કહ્યું કે 'મારા પિતા તમને પ્રથમની જેમ બોલાવશે અને તમારા કહ્યા મુજબ કરશે તેવું કરી દઈશ માટે હવે ચીંતા કરશો નહિ ' હવે તો રોહકને તેની ઓરમાન માતા પોતાના પુત્ર કરતાં પણ સારી રીતે સાચવવા લાગી એટલે એક રાત્રે ચંદ્રના પ્રકાશમાં પોતાની છાયા આંગળીના અગ્ર ભાગ વડે દેખાડી પિતાને જગાડી કહેવા લાગ્યો કે 'અરે પિતાજી ? જુઓ આ પુરૂષ જાય છે. જાય છે ? ક્રોધથી તેના પિતા શસ્ત્ર લઈને બાળકને કહેવા લાગ્યો કે 'બોલ ? ક્યો પુરૂષ ક્યાં જાય છે ? રોહકે પોતાનો પડછાયો બતાવી કહ્યું કે આ માણસ નાસી જાય છે. તેના પિતાએ વિચાર્યું કે પહેલાં પણ તેણે આ પડછાયાને પુરુષ ધારી કહ્યું હશે મારી પત્નિ ઉપર હું બાળકના કહેવાથી રોષાયમાન થયો તે મેં બહુ ખોટું કર્યું છે. એમ વિચારી પોતાની સ્ત્રી સાથે સ્નેહથી પ્રથમની જેમ વર્તવા લાગ્યો.

પછી રોહકે વિચાર્યું 'મારી માતાને મેં શિક્ષા કરેલી હોવાથી તે કોઈ વખતે મને ઝેર ખવડાવી મારી નાખશે. તેથી તે પિતાની સાથે જ જમવા બેસતો. એકલો જમતો ન હતો.

એક વખત તેના પિતા સાથે ઉજ્જયિની નગરમાં ગયો અને નગરીની સુંદર રચના મોટી મહેલાતો, બાગબગીચા, રાજમહેલ, વગેરે જોઈ મનમાં બરાબર વ્યવસ્થિત ધારી રાખ્યું. પછી તે પિતાની સાથે નગર બહાર આવ્યો

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષિતિપ્રતિષ્ઠ નગરના રાજાને રૂપી નામે પુત્રી હતી રાજાએ તેને પરણાવી કે તરતજ તેનો પતિ મરણ પામ્યો એટલે તે વિધવા થઇ તેથી શિલની રક્ષા માટે ચીતામાં બળી મરવા પિતાની રજા માગી, પિતાએ કહ્યું પતંગી-આની જેમ બળી મરવાથી નિષ્ફળ જી ન બને છે તેના કરતાં જૈન ધર્મ આદરી તારા શીલવ્રતનું રક્ષણ કર પછી તે શીલવ્રતનું પાલન કરવા લાગી. રાજા પુત્ર રહિત મરણ પામવાથી પ્રધાનોએ રૂપીનો રાજ્યાભિષેક કરી રુપી રાજા તરિકે બોલાવવા લાગ્યા યૌવનાવસ્થામાં સ્નિગ્ધ ભોજન કરવાથી તેને વિકાર થતો પણ લજ્જાને લીધે પોતાની કામ વૃત્તિને દાબી દેતી હતી.

એક વખત શીલસન્નાહ મંત્રી રાજસભામાં બેઠો હતો રૂપીએ તેના પર વિકાર દ્રષ્ટિ નાખી તે ચતુર પ્રધાન સમજી ગયો તેણે વિચાર્યું કે રાજા પોતે અન્યાય કરેતો કોણ અટકાવે મારે મારા શીલની રક્ષા કરવી હોય તો અહિંથી ચાલ્યા જવું જોઇએ એમ વિચારી વિચારસાર રાજાનો સેવક થઇને રહ્યો એકવખતે તે રાજાએ શીલસન્નાહ મંત્રીને

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

પુછયું તમે પહેલાં જે રાજાની સેવા કરી હોય તેનું નામ ઠામ તેમજ તમારૂં કુળ વગેરે જણાવો મંત્રીએ કહ્યું તે રાજાની આ મુદ્રિકાજુઓ તેનું નામ લેવાથી ભોજન મળે નહિ રાજાએ તેની ખાત્રી કરવા રાજસભામાં ભોજન મંગાવી હાથમાં કોળીયો લઈ કહ્યું હવે તે રાજાનું નામ કહો મંત્રીએ રૂપીરાજા નામ લીધું કે તરતજ એક રાજપુરૂષે આવી કહ્યું કે શત્રુરાજાએ નગરને ઘેરો ઘાલ્યો છે એમ સાંભળતાંજ રાજા કોળીઓ પડતો મુકી શત્રુની સામે યુદ્ધ કરવા ગયો. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું તે યુદ્ધમાં શીલસન્નાહ મંત્રી પણ ગયો તેને મારવા શત્રુના સુભટો દોડી આવ્યા ત્યારે શાસન દેવતાએ તેઓને સ્થંભાવી દીધા ને આકાશવાણી થઈ કે અખંડ બ્રહ્મચારી એવા શીલસન્નાહ મંત્રીને નમસ્કાર થાઓ.

મંત્રી પર પુષ્પવૃષ્ટિ કરી શીલ સન્નાહને જાતિસ્મરણને અવધિજ્ઞાન થતાં પંચમુષ્ટિ લોચ કરી દીક્ષા લીધી તેમના ઉપદેશથી બન્ને રાજાઓ યુદ્ધ કરતા અટકી ગયા પૂર્વભવમાં શીલસન્નાહ મુનિ સાવદ્યવચન બોલ્યા હતા, તેના પ્રાયશ્ચિત રુપે મૌન વ્રત ધારણ કર્યું પૂર્વભવે ચારિત્ર પાળી પ્રથમ દેવલોકે ઉત્પન્ન થયા હતા ત્યાંથી ચ્યવી શીલસન્નાહ મંત્રી થઈ સ્વયંબુદ્ધ થયા. તેઓ વિહાર કરતા રૂપીરાજાના નગરની બહાર ઉદ્યાનમાં આવ્યા તેમને વંદન કરવા રુપીરાજા પરિવાર સહિત આવ્યા મુનિનો ઉપદેશ સાંભળી રુપીરાજાએ ચારિત્ર લીધું અનુક્રમે વિહાર કરતાં શિલસન્નાહ મુનિ સમેતશિખર તીર્થે ગયા, ત્યાં જિનેશ્વરોને વંદન કરી સંલેખના કરવા તૈયાર થયા.

રૂપી સાધ્વીએ કહ્યું કે મને સંલેખના કરાવો ગુરુએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું આ ભવ સંબંધી સર્વ પાપની આલોચના લઇ શલ્ય રહિત થયા પછી ઇચ્છિત કાર્ય કરો દ્રષ્ટાંત તરિકે એક રાજાના અશ્વના પગમાં ખીલો વાગ્યો હતો, તેનો કંઈક ભાગ અંદર ભરાઈ રહ્યો. રાજાએ ઘણા ઉપચાર કરાવ્યા છતાં તે શલ્ય નિકળ્યું નહિ છેવટે એક કુશળ પુરૂષે તે અશ્વના આખા શરીરે આછો આછો કાદવ ચોપડયો જ્યાં શલ્ય હતું તે ભાગ ઉંપસી આવ્યો. તે નેરણીવતી શલ્ય કાઢતાં અશ્વ સ્વસ્થ થયો એક તાપસે અજાણ્યું ફળ ખાધુ તેથી તે રોગી થયો એટલે દવા લેવા વૈદ્ય પાસે ગયો વૈદ્યે કહ્યું કે શું ખધું હતું તેણે સત્ય હકીકત કહી તેથી વમન વિરેચન કરાવી સાજો કર્યો માટે હે ભદ્રે અંદરનું શલ્ય કાઢયાવિના આત્મશુદ્ધિ થતી નથી આ વખતે રુપી સાધ્વીએ શિલસન્નાહ સામે વિકાર દ્રષ્ટિથી જોયું હતું તે વિના સર્વ પાપની આલોચના કરી .

ગુરુએ કહ્યું પ્રથમ રાજસભામાં તેં મારી સામે સરાગદૃષ્ટિએ જોયું હતું તેની આલોચના કર ? તેણીએ કહ્યું મેં તો સહજ નિર્દભપણે જોયું હતું ? ગુરુએ તેને પ્રતિબોધ આપવા લક્ષ્મણા રાજપુત્રીનું દ્રષ્ટાંત નીચે મુજબ કહી સંભળાવ્યું ગઇ ચોવીશીમાં ક્ષિતિપ્રતિષ્ઠનગરમાં જંબુદાડિમ નામે રાજાની લક્ષ્મણાનામે પુત્રી સ્વયંવર મંડપમાં યોગ્ય પતિને વરી ચોરીમાંજ તેનો પતિ મરણ પામ્યો એટલે તે વિલાપ કરવા લાગી તેના પિતાએ આશ્વાસન આપી કહ્યું હવે તું જીવનપર્યંત શીલનું પાલન કર તેથી તારો આગામી ભવ સુધરે. એમ કહી શાંત કરી એક વખત તે નગરમાં તીર્થંકર ભગવાન સમોસર્યા. રાજા પોતાની પુત્રી સહિત વંદન કરવા ઉદ્યાનમાં ગયો. પ્રભુની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેશના સાંભળી બન્નેએ પ્રતિબોધ પામી ચારિત્ર લીધું. લક્ષ્મણા ગુરૂણી પાસે રહી સંયમ પાળવા લાગી.

એક વખત ગુરૂણીની આજ્ઞાથી વસતિ ગોધવા ગઈ ત્યાં ચકલાના મિથુનને કામક્રિડા કરતું જોઇ તેણે વિચાર કર્યો પતિથી વિયોગ પામેલી મને ધિક્કાર હો ? પક્ષીઓ પણ સાથે રહી નિરંતર કામ ક્રિડા કરે છે. તીર્થંકરોએ, આનો નિષેધ કેમ કર્યો હશે. તેઓ નિર્વેદીહોઈ વેદોદયના વિપાકથી અજાણ હશે એમ તીર્થંકરમાં અજ્ઞાન પણું અને દાંપત્ય સુખની પ્રશંસા કરી પછી સાધ્વી પણું યાદ આવવાથી તે પોતાના આત્માને અશુભચિંતન માટે નિંદવા લાગી અને ગુરુપાસે પાપનું પ્રાયશ્ચિત લેવા નિકળી ફરી વિચાર આવ્યો કે હું બાલ્યાવસ્થાથીજ શીલવ્રત પાળનારી રાજપુત્રી છું તો સર્વ લોકની સમક્ષ આવું નિંદવા લાયક પ્રાયશ્ચિત કેમ લઉ? પ્રાયશ્ચિત આત્મશાક્ષીએ લેવું પ્રમાણ છે એમ વિચારી પોતાની મેળેજ પ્રાયશ્ચિત લઈ સોળ વર્ષ માસખમણ, વીશ વર્ષ આયંબીલ, ને ચૌદ વર્ષ બીજી અનેક જાતની તપશ્ચર્યા કરી તો પણ પોતે કરેલું પાપ છુપાવવાથી શલ્ય ગયું નહિ.

એક વખત તેને વિચાર આવ્યોકે મેં આટલી બધી તપસ્યા કરી તેનું ફળ તો કંઈ મારા જોવામાં આવ્યું નહિ એમ આર્તધ્યાન કરતાં મરીને વેશ્યાને ઘેર અત્યંત રુપવતિ દાસી થઈ કામી લોકો તેનેજ ઈચ્છવા લાગ્યા. પણ અકકાની પુત્રીને જોયાં છતાં કોઈ તેને ઇચ્છતું ન હોવાથી તેની ઈર્ષાથી તે દાસીના નાક કાન કાપવા તૈયાર થઈ રાત્રે કોઇ વ્યંતર દેવે દાસીને અકકાના વિચારનું સ્વપ્ન આપતા સવાર પડતાં તે વેશ્યાના ઘરમાંથી નાસી ગઇ છ મહીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇ ગૃહસ્થે તેને રાખી તેની શોકયે ઇર્ષાથી જ્યારે તે ભર નિદ્રામાં સુતી હતી ત્યારે તેના ગુહયસ્થાનમાં લોઢાની કોશ નાખી મારી નાખી તેના શરીરના ટુકડા કરી ગીધડાંને ખવરાવી દીધા. આ વૃતાંત શેઠે જાણી વૈરાગ્ય પામી દીક્ષા લીધી હાસી ઘણા ભવ ભમી કર્મયોગે ચક્રવર્તિનું સ્ત્રીરત્ન થઈ ત્યાથી મરીને છઠ્ઠી નરકે ગઇ ત્યાંથી નીકળી અનેક ભવભમી અનાર્ય દેશમાં સ્ત્રી થઇ ફરી છઠ્ઠી નરકે ગઇ ત્યાંથી નીકળી સર્પ થઈ પાંચમી નરકે ગઈ.

એ પ્રમાણે ઘણા ભવ રખડી આવતી ચોવીશીમાં પદ્મનાભ સ્વામીના સમયમાં કુબડી સ્ત્રી થશે. તેના મા બાપ તેને ઘરમાંથી કાઢી મુકતાં કંઇક પુણ્યોદયથી પદ્મનાભ સ્વામીનાં દર્શન પામી પ્રભુને પોતાનો કટુ વિપાક જણાવતાં પ્રભુએ લક્ષ્મણાના ભવથી બધું વૃતાંત કહી સંભળાવ્યું એટલે તેણી વૈરાગ્યપામી દીક્ષા લેશે અને પૂર્વન સર્વ દુષ્કૃત્યોની આલોચના કરી સમાધિ પૂર્વક કેવળજ્ઞાન પામી અજરામર પદને પામશે.

આ વૃતાંત સાંભળ્યા છતાં રુપી સાધ્વી બોલી કે હે ભગવન મારામાં કાંઇ પણ શલ્ય નથી. માયામૃષાવાદ કરવાથી ફરીને સ્ત્રી પણું ઉપાર્જન કર્યું. ગુરૂએ તેને અયોગ્ય જાણી સંલખણા ન કરાવી પોતે સંલેખના કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા રૂપી સાધ્વી વિરાધક ભાવે મરણ પામી વિદ્યુતકુમાર નિકાયમાં દેવી થઇ, ત્યાંથી ચ્યવી શ્યામ અંગ વાળી કામવાસનાથી વિહ્વળ બ્રાહ્મણ પુત્રી થઈ ત્યાંથી મરી નરકે ગઇ ત્યાંથી નિકળી ત્રણ ઉણા લાખ ભવ સુધી તિર્યંચમાં પરિભ્રમણ કરી મનુષ્ય ભવ પામી તે ભવમાં ચારિત્ર લઇ ઘણાં કર્મ ખપાવ્યાં પરંતુ પૂર્વ કરેલી માયાને લીધે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાંથી કાળ કરી ઈંદ્રની અગ્રમહિષી થઇ. ત્યાંથી ચ્યવીને તે ગોવીંદની સ્ત્રી થઈ. તે ભવમાં નિરતિચાર ચારિત્ર પાળી મોક્ષે ગઇ.

# સુકુમાલિકા સાધ્વીની કથા

વસંતપુર નગરના રાજાને સસક ને ભસક નામે બે પુત્રો હતા તેમણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. આગમ ભણી ગીતાર્થ થયા પછી પોતાની બ્હેન સુકુમાલીકાને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી સુકુમાલીકાનું અદ્ભુત રુપ જોઇ યુવાન પુરુષો ઉપાશ્રયમાં આવી તેને સરાગ દ્રષ્ટિથી જોતા હતા. મહત્તરા સાધ્વીએ તે વૃતાંત તેના દિક્ષીત ભાઇઓને કહ્યો એટલે સુકુમાલીકાને એક જુદા મકાનમાં રાખી તેનું રક્ષણ કરવા લાગ્યા સુકુમાલીકાને ગુપ્તરાખેલ જાણી કેટલાક યુવાનો તે મુનિઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા સુકુમાલીકાએ વિચાર્યું કે મારા લીધે મારા ભાઇઓ હેરાન થાય છે તેથી તેણે અનશન કર્યું તેનું શરીર ક્ષીણ થતાં તેના ભાઇઓએ મોહના વશથી મૃત્યુ પામેલ સમજી ગામ બહાર અરણ્યમાં પરઠવી દીધી ત્યાં શીતળ પવનના યોગે તેને શુદ્ધિ આવી. એવામાં કોઈ સાર્થવાહના જોવામાં આવી સાર્થવાહે તેને સ્ત્રી રત્ન જાણી પોતાને ત્યાં લઈ ગયો. ઔષધોપચાર કરી પ્રથમના જેવી રૂપવતી બનાવી દીધી. કર્મની વિચિત્રતાને લીધે તે વિચારવા લાગી કે આ સાર્થવાહ મારો બહુ ઉપગારી છે તો તેની માગણી સ્વિકારું એમ વિચારી તેની સ્ત્રી થઇને રહી તે નગરમાં આવેલા તેના ભાઇઓએ તેને જોઈ સુકુમાલીકાએ પોતાનો બધો વૃતાંત ભાઇઓને કહ્યો તેમણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર્થવાહ પાસેથી છોડાવી સંસારની અસારતા સમજાવી ફરી દીક્ષા આપી નિર્મળ અંતઃકરણથી ચારિત્ર પાળી તે સ્વર્ગે ગઈ.

## ગરોળી થએલ સાધ્વીની કથા

એક શ્રાવીકાએ દીક્ષા લેતી વખત પોતાના ઘરમાંથી ચાર રત્નો લઇ એક લાકડાની પોલી પાટલીમાં ગોઠવી પાસે રાખ્યાં હતા તેના ઉપરના મોહથી મરીને તે મરણ પામી ગરોળી થઈ તિર્યંચપણામાં હિંસકપણુ પામી તે ગરોળી નિરંતર પેલી પાટલી પર આવીને બેસે છે એકદા ત્યાં કોઇ જ્ઞાની ગુરુ પધારતાં બીજી સાધ્વીઓએ તેનું કારણ પુછયું ગુરૂએ તે ગરોળીનો પૂર્વ ભવ જાણીને કહી બતાવ્યો તે સાંભળતાં ગરોળીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતે પૂર્વ ભવમાં કરેલ મમતાનું પ્રાયશ્ચિત લઈ તેણે અણસણ કર્યું મરણપામીને તે દેવગતિમાં ઉત્પન્ન થઇ પરીગ્રહની મૂર્છા આવી રીતે તિર્યંચગતિમાં ઘસડી જાય છે. અને સંસારમાં પરિભ્રમણ કરાવે છે માટે સાધુએ મમત્વનો ત્યાગ કરવો.

## સુંદર શેઠને કલંક આપનારી બ્રાહ્મણીની કથા

કોઈ ગામમાં સુંદર શેઠ દાતાર હોવાથી ઘણો લોકપ્રિય થઈ પડયો હતો સૌ વરસાદને ચાહે છે પણ સમુદ્રને ચાહતું નથી આવા દાતાર શેઠની એક બ્રાહ્મણી નિંદા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતી હતી, તે કહેતી કે, પરદેશીઓ તેને ધર્મી જાણી થાપણ મુકે છે તે પરદેશી મૃત્યુ પામતાં તેનું દ્રવ્ય શેઠને પચી જાય છે.

એક વખત કોઇ કાપડી શેઠને ત્યાં આવ્યો અને બહુ ભુખ્યો હોવાથી ખાવાનું માગ્યું. શેઠને ત્યાં કંઇ ખાવા લાયક પદાર્થ ન હોવાથી ભરવાડણને ત્યાંથી છાશ લાવીને આપી તે પીતાંજ કાપડી મરણ પામ્યો કારણ કે છાશની દોણી ઢાંકયાવગર માથે મુકી તે ભરવાડણ જતી હતી ત્યારે સર્પને લઇ સમડી ઉપડતી હતી તે સર્પનું ઝેર છાસમાં ટડયું હતું પ્રભાતે કાપડીને મરેલા જાણી બ્રાહ્મણીએ ખુશ થતાં કહ્યું કે દ્રવ્યના લોભથી શેઠે વિષ દઇને કાપડીને મારી નાખ્યો એ સમયે તે કાપડીના મરવાથી જે પાપ હત્યા થઇ તે સ્રી રૂપે ભમતી વિચારવા લાગી કે હું કોને કોને લાગુ પડુ? આ દાતાર શેઠતો શુદ્ધ મનવાળો છે અને સર્પ તો પરાધીન હતો તેને લઇજનારી સમડી તો સર્પ । આહાર કરનારી છે અને ભરવાડણ અજાણી છે હવે હું કોને વળગું આવું વિચારતી ને ફરતી તે પેલી નિંદા કરનારી બ્રાહ્મણીને વળગી તેથી તે કુષ્ટ રોગીણી થઇ ગઇ સર્વ લોક તેની નિંદા કરવા લાગ્યા મરીને તે તિર્યંચમાં ઉત્પન્ન થઇ.

સાધુ મુનિરાજના અવર્ણવાદ બોલવાથી ભવાંતરમાં નીચ ગોત્ર મળે છે અને સીતા સતીની જેમ કલંક પ્રાપ્ત થાય છે. દૂર્જનો નિંદા કરવાવડે તે લોકોના મળને પોતાના કંઠ તાળુને જીભ વડે લે છે.

☆

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નંદ મણિકારની કથા

રાજગૃહનગરમાં વીરપ્રભુના સમોવસરણમાં દદ્દુરાંત નામે ભરતનો ઉપજેલોદેવ પ્રભુની ભક્તિ કરીને ગયો. તે વખતે ગૌતમસ્વામીએ પુછયું કે આ દેવતાએ કયા પુણ્યથી આવી સમૃદ્ધિ મેળવી ? પ્રભુએ કહ્યું કે રાજગૃહિનગરમાં નંદમણિકાર નામે શેઠ રહેતો હતો. તેણે અમારી પાસે શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો ગ્રીષ્મઋતુમાં અઠ્ઠમ તપ કરી પૌષધ લઇને રહેલા તેને તૃષા લાગવાથી ચિંત્વ્યું કે જેઓ વાવ કુવા કરાવે છે તેમને ધન્ય છે ? પોષધ પાર્યા પછી રાજાની અજ્ઞા લઇને નગરની બહાર ચાર મુખવાળી એક મોટી વાવ કરાવી તેની ચારે દિશાઓમાં ચાર ઉપવન કરાવ્યાં તેની પ્રશંસા થતી સાંભળી તે નંદમણિકાર હર્ષ પામ્યો અનુક્રમે ભાવથી મિથ્યા સ્વરૂપ રોગ અને દ્રવ્યથી કુષ્ટાદિ સોળ પ્રકારના રોગ ઉત્પન્ન થયા વૈદ્યોએ ઘણી દવા કરી અંતે તે મરણ પામીને પોતાની બંધાયેલી વાવડીમાં ગર્ભજ દેડકો થયો.

લોકોના મુખથી વાવડીની પ્રશંસા થતી સાંભળી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તે આત્મનિંદા કરવા લાગ્યો કે મને ધિક્કાર છે ? મેં શ્રાવક પણામાં લીધેલ વ્રતની વિરાધના કરી હવે આજથી નિરંતર છઠ્ઠની તપસ્યા કરી પારણું કરવું અને મેલું થયેલું પ્રાસુક પાણી વાપરવું. એમ કરતાં એક વખત પ્રભુ મહાવીરનું આગમન સાંભળી તે દેડકો વાવમાંથી નીકળી પ્રભુને વંદન કરવા ચાલ્યો. ત્યાં શ્રેણીક રાજાના અશ્વના પગ તળે છુંદાઈ મરણ પામીને સર્વ પાપને આલોવતો છતો સૌધર્મ દેવ લોકે દર્દુરાંક નામે

દેવ પણે ઉત્પન્ન થયો તે અમને વંદન કરવા આવ્યો હતો હવે તે ચાર પલ્યોપમનું આયુ પુર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ સર્વ કર્મને ક્ષય કરી મોક્ષે જશે.

# સંજીવની બુટી ચરાવનાર સ્રીની કથા

શંખપુરીમાં શંખનામેં શેઠને યશોર્મતિનામે સ્રી હતી તેની ઉપર તે શેઠને સ્નેહ ન હોવાથી તે બીજી સ્રી પરણ્યો તે બીજી સ્રી પર સ્નેહ થવાથી યશોમતી નિરંતર દુઃખી રહેવા લાગી અન્યદા કોઇ મંત્રવાદી મળતાં યશો-મતીએ તેની બહુ સેવા કરી ને પોતાનું દુઃખ કહી બતાવ્યું એટલે તેણે મંત્રવાળા મુળીઆ આપ્યા કે જે ખવરાવવાથી મનુષ્ય બળદ થઈ જાય યશોમતીએ ઉતમ રસોઈ કરી તેમાં મુળીઆ ભેળવી દીધા તે ખાવાથી તેને ધણી બળદ બની ગયો. આ વાત બીજી સ્રીએ રાજાને જણાવી રાજાએ યશોમતીને ઘણો ઠપકો આપ્યો તેણીએ પોતાની ભુલ કબુલ કરી એટલે રાજાએ તે બળદને સારી રીતે જાળવવાની અને પાછો પુરૂષ કરવાની ભલામણ કરી તેને વિદાય કરી યશોમતી પોતાના પતિ બળદને બહાર ચરવા લઈ જતી હતી અને રૂદનકરતી હતી ત્યાંથી કાઈ વિદ્યાધર દંપતિએ આકાશમાર્ગે જતાં જેયા. વિદ્યાધરીએ તેસ્રીને રૂદન કરતી જોઇ પોતાના પતિને તેનું દુઃખ દૂર કરવા કહ્યું વિદ્યાધરે કહ્યું કે તે સ્રી બેઠી છે ત્યાજ એક મુળીયું છે તે ખવર વવાથી તેને ધણી બળદ પાછો મનુષ્ય થાય તેમ છે આ વાત યશોમતીએ સાંભળી એટલે પોતાની પાસેના બધા મુળીયાં ભેગાકરી એકેક ખવરાવવા લાગી તેમાંથી વિદ્યાધરે કહેલ મુળીયું આવી જતાં તે પાછો પુરૂષ

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

બની ગયો યશોમતીએ તે મૃળીયું ઓળખી લીધું અનુક્રમે તે દંપતી સુખી થયા.

આ કથા હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજને કહી કહ્યું કે સદ્દગુરૂને શોધી તેણે બતાવેલ મુળીઆ રૂપ સત્ય ધર્મને ઓળખી તેને આદરવો કે જેથી આત્માનું મૂળ સ્વરૂપ પ્રગટ થાય અને શાશ્વત સુખ પામી શકાય.

# મદરૂક શ્રાવકની કથા

રાજગૃહીનગરીમાં ગુણશીલ ચૈત્ય છે ત્યાં ઘણા શીલા પટ્ટો છે તે સ્થળે અનેક અન્ય તીર્થીઓ રહ્યા છે તે નગરમાં અન્ય તીર્થીઓથી પરાભવ ન પામે તેવો જીવા જીવાદિ તત્ત્વોનો જાણનાર મદરૂક નામે શ્રાવક વસે છે અન્યદા તે ગુણશીલ ચૈત્યમાં પ્રભુ મહાવીર સમોસર્યા મદરૂક શ્રાવકને ખબર પડતાં તે પ્રભુને વંદન કરવા સ્નાન કરી વસ્ત્રાલંકારથી વિભુષીત થઈને નિકળ્યો ઉદ્યાન નજીક આવતાં તેને અન્યતીર્થીકોએ જોયો તેઓ પરસ્પરમાં પુછવા માટે નિર્ણીત કરેલી વાત મદરુક શ્રાવકને પુછવા ગયા ને કહ્યું કે તારાધર્માચાર્ય પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરે છે તે બરાબર છે ? તે પાંચ અસ્તિકાયમાંથી ચાર તો ચર્મચક્ષુવડે દેખાતા નથી તો કેમ માની શકાય ? મદરુકે કહ્યું કે તે પદાર્થ જે કાર્ય કરે તે કાર્યદ્વારા આપણે જાણીને જોઈ શકીએ પોતાનુ કાર્ય ન કરે તો જાણી કે જોઇ શકાય નહિ તેઓએ કહ્યું કે તું એવો તે કેવો શ્રાવક છે કે તું પંચાસ્તિકાયની વાત પુરે પુરી જાણતો નથી કે જોતો નથી છતાં માને છે ?

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મદ્દરુકે કહ્યું પવન વાય છે તે બરાબર છે તેઓએ કહ્યુ હા બરાબર છે મદરુકે કહ્યું તેમ છતાં તમે તેનું રૂપ જોઇ શકો છો ? તેઓએ ના પાડી મદરુકે ફરી કહ્યું ગંધવાળા પુદ્દગલોનું રુપ જોઇ શકો છો ? તેઓએ ના પાડી ફરી પુછયું અરણીના કાષ્ટમાં અગ્નિ જોઈ શકો છો ? તેઓએ ના પાડી સમુદ્રની પેલેપાર મનુષ્યોને જોઇ શકો છો ? તેઓએ ના પાડી દેવલોકમાં રહેલા દેવોને જોઇ શકો છો ? તેઓએ ના પાડી ત્યારે મદરુકે કહ્યું આપણે છદ્મસ્થો ન જોઈ શકીએ તેટલા ઉપરથી વસ્તુ નથી એમ કહીએ તો ઘણી વસ્તુનો અભાવ થશે એમ કહી અન્ય તીર્થીકોને નિરૂત્તર કર્યા પછી પ્રભુ પાસે આવી વંદન કરીને બેઠો. પ્રભુએ મદરૂકને કહ્યું તેં અન્ય તીર્થીઓને ઠીક ઉત્તર આપી નિરુત્તર કર્યા. જેઓ સાંભળ્યા વિના જોયા વિના અને જાણ્યા વિના સ્વમતિથી ઘણા મનુષ્યોની આગળ કહે છે તે અરિહંત કહેલા ધર્મની કેવળીઓની અને કેવળીએ કહેલા ધર્મની આશાતના કરે છે મતલબ કે મદરુકે પ્રભુ પાસે સાંભળી જાણીને કહ્યું હોવાથી તેની ખરાપણાની પ્રભુએ છાપ મારી પછી તે પ્રભુને વંદન કરી સ્વસ્થાને ગયો.

## કાગડાની સંગતકરનાર હંસની કથા

એક વનમાં કોઇ રાજા આનંદ કરવા ગયો હતો તે થાકીને વૃક્ષ નીચે આરામ કરવા બેઠો. તે વૃક્ષ પર એક હંસ ને એક કાગડો મિત્ર ભાવે બેઠા હતા કાગડો પોતાના સ્વભાવથી મોટે સ્વરે કાકા કરતો રાજાના માથા પર ચરકયો તેથી રાજા બહુ ગુસ્સે થયો એટલે તેનાપર બાણ મુકયું કાગડો ચાલાક હોવાથી ઉડી ગયો અને બાણ હંસને વાગ્યું

તેથી તે રાજા પાસે ભૂમિપર પડયો. તેને શ્વેત જોઇ રાજા બોલ્યો કે શું કાગડાઓ પણ શ્વેત વર્ણવાળા હોય છે? ત્યારે હંસ બોલ્યો હે મહારાજ? હું કાગડો નથી પણ માનસ સરોવરે વસનાર હંસ છું નીચ કાગડાની સોબતથી મૃત્યુ દશાને પામ્યો છું. આ ઉપરથી મનુષ્યે નીચની સંગત કદાપી કરવી નહિ.

# ઢંઢણકુમારની કથા

કુબેરે બનાવેલી દ્વારીકા નગરીમાં કૃષ્ણવાસુદેવને ઢંઢણારાણીથી ઢંઢણકુમાર નામે પુત્ર થયો. તે યુવાવસ્થા પામ્યો ત્યારે ઘણી રાજકન્યાઓ પરણ્યો.

એક વખત નેમનાથ ભગવાન દ્વારીકામાં સમોસર્યા. તેમને વંદન કરવા કૃષ્ણ મહારાજ મોટા પરિવાર સાથે આવ્યા. તે વખતે પ્રભુની દેશના સાંભળી ઢંઢણકુમાર વૈરાગ્ય પામ્યો. તેણે માતા પિતાની આજ્ઞા મેળવી ભગવંતની પાસે દીક્ષા લીધી ભગવંતે ગ્રહણા ને આસેવના નામે બે પ્રકારની શિક્ષાઆપતાં કહ્યું છે મુનિએ છ કારણે આહાર લેવો. પણ રુપ કેસરના હેતુથી આહાર લેવો નહિ. ક્ષુધાતૃષાની વેદના ટાળવા, વૈયાવચ્ચ કરવા, સંયમપાળવા, સૂત્રાર્થનું ચિંતવન કરવા રુપ ધ્યાન કરવા, પ્રાણના રક્ષણ માટે અને ઇર્યાપથિકીના શોધન માટે, આ છ, કારણે આહાર લે અને રોગમાં, મોહના ઉદયમાં, સ્વજનાદિના ઉપસર્ગમાં, પ્રાણીની દયામાં, તપમાં અને શરીરના ત્યાગમાં એ છ કારણે આહાર લે નહિ ઢંઢણ મુનિ એ પ્રમાણે દોષ રહિત આહાર લેતા વિચરતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક વખને પૂર્વકર્મના અંતરાયના ઉદયે શુદ્ધ ભીક્ષા મળી નહિ તેથી તેમણે અભિગ્રહ લીધોકે આજ પછી હું મારી લબ્ધીથી અન્ન પામીશ તો જ પારણું કરીશ. બીજા મુનિઓએ લાવેલ આહાર ગ્રહણ કરીશ નહી એવો અભિગ્રહ લઈ પ્રભુની સાથે વિચરતા દ્વારીકા નગરીએ આવ્યા ત્યાં ગોચરી માટે ફરતાં ઢંઢણ મુનિને શુદ્ધ ગોચરી મળી નહિ તેથી બીજા મુનિઓએ પ્રભુને પુછયું ઢંઢણમુનિને કયા કર્મના લીધે શ્રાવકના ઘરથી પણ શુદ્ધ ભીક્ષા મળતી નથી.

પ્રભુએ તેના પૂર્વભવનું વૃતાંત જણાવતાં કહ્યું તે પૂર્વે ધાન્યપુર ગામમાં પરાસર નામે બ્રાહ્મણ હતો રાજાએ તેને પાંચસો સાંતીનો અધિકાર આપ્યો હતો એકદા ખેડુતોમાટે ભોજન આવ્યું અને બળદો માટે ઘાસ આવ્યું તે વખતે બધા ક્ષુધા તૃષાથી વ્યાપ્ત છતાં પારાસરે ખેડુતોને જમવાની રજા આપી નહિ અને એક એક ચાસ ખેડીને પછી ભોજન કરવા કહ્યું પરાધિન ખેડુતોએ તેમ કર્યું તેવખતે પારાસરે અંતરાય કર્મ બાંધ્યું. ત્યાંથી મૃત્યુ પામી ઘણાભવ ભમી કંઇક પુણ્યના યોગે કૃષ્ણના પુત્ર થયા તેમણે લીધેલ અભિગ્રહ મુજબ ભીક્ષા મળતી નથી તો પણ તે ઉદ્વેગ પામતા નથી તેમજ બીજાઓની નિંદા કરતા નથી અ લાભ પરિષહ ને સહન કરતા મોટી સકામ નિર્જરા કરે છે આ પ્રમાણે પ્રભુના મુખથી સાંભળી બધા મુનિઓ તેની પ્રશંસા કરવા લાગ્યા આ પ્રમાણે છ મહીના પરિષહ સહન કરતાં થયા.

એક વખત કૃષ્ણ મહારાજે ધર્મદેશના સાંભળ્યા પછી પ્રભુને પુછયું આપના અઢાર હજાર મુનિઓનાં શ્રેષ્ઠને દુષ્કર કાર્ય કરનારે કોણ છે ? પ્રભુએ કહ્યું સર્વેમુનિઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુષ્કર કાર્ય કરનાર હોવા છતાં તમારો પુત્ર ઢંઢણમુનિ છ માસથી અદિનપણે અલાભ પરિષહ સહન કરે છે માટે સર્વથી શ્રેષ્ઠ છે કૃષ્ણે કહ્યું કે તે મહામુનિ કયાં છે તે કહો તો હું તેમને વંદન કરૂં પ્રભુએ કહ્યુંકે નગરમાં ભીક્ષા માટે અટન કરતા તે મુનિ તમને સામેજ મળશે પ્રભુને વંદન કરી કૃષ્ણ મહારાજ નગરમાં આવ્યા ત્યાં સામે અતિ દુર્બળ મુનિને જોઇ આજ ઢંઢણમુનિ હશે એમ વિચારી હાથી પરથી ઉતરી ત્રણ પ્રદક્ષિણા દેવા પુર્વક તે મુનિને વંદના કરી સુખ શાતા પુછી તે વખતે કોઇ ગૃહસ્થે ગોખમાં બેઠા તે મુનિને વંદન કરતા કૃષ્ણને જોઇ આ કોઇ મહા મુનિ લાગે છે એમ વિચારી પોતાના ઘેર લઇ જઇને મુનિ પ્રભુ પાસે ગયા પ્રભુને કહ્યું કે આજે મારો અભિગ્રહ પુર્ણ થયો. પ્રભુએ કહ્યું કે એ આહાર તારી લબ્ધી થી તને મળ્યો નથી પણ કૃષ્ણે તારી સ્તુતિવંદના કરી તે જોઇ તને વહોરાવ્યો છે એટલે કૃષ્ણની લબ્ધીથી મળ્યો છે. ઢંઢણમુનિએ વિચાર્યું કે મારો અભિગ્રહ પુર્ણ થયો નથી તો આહાર વાપરવા યોગ્ય નથી એમ જાણી પરઠવવા માટે ઇંટના નિભાડામાં ગયા ત્યાં મોદકનું ચુર્ણ કરતાંની સાથેજ પોતાના ઘાતીકર્મનું ચુર્ણ કરી કેવળજ્ઞાન પામ્યા

દેવોએ તેમના કેવળ જ્ઞાનનો મહોત્સવ કર્યો તેમણે પોતાની દેશનામા પોતે પુર્વ ભવમાં જે અંતરાય કર્મ બાંધ્યું હતું તે કહી બતાવી અંતરાયકર્મ ન બાંધવાનો ઉપદેશ આપી લોકોને ધર્મ પમાડતા વિચરવા લાગ્યા અનુક્રમે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પદને પામ્યા,

## આદિશ્વર ભગવાનની કથા

ઋષભદેવ પ્રભુનો જીવ કોઈ ભવમાં પાંચસો ખેડુતોને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરી હતો ત્યારે ખેતરના ખળામાં ફરતા બળદો ધાન્ય ખાઈ જતા હતા તે જોઈ તેના મોંઢે સીંકળી બાંધવા કહ્યું તેઓને તે ન આવડવાથી પોતે બાંધી આપી તે વખતે બળદોએ ત્રણસો સાઠ નિસાસા મુકયા તે ઉપરથી બાંધેલ લાભાંત્તરાય કર્મનો ઉદય આદીશ્વર પ્રભુના ભવમાં દીક્ષા લીધી ત્યારે થયો તેથી દીક્ષા ફાગણ વદ ૮, લીધા પછી વૈશાખ સુદ ૨ સુધી આહાર મળી શકયો નહિ પ્રભુ વહોરવા તો નીકળતા પરંતું લોકો તુરતમાંજ યુગલીક ધર્મમાંથી વ્યવહારમાં આવેલ હોવાથી અન્ન જેવી તુચ્છ વસ્તુ કેમ અપાય ? એટલે હાથી ઘોડા કન્યા, વસ્ત્ર, આભુષણો ધરતા હતા પ્રભુતો તે સર્વનો ત્યાગ કરેલ હોવાથી સ્વિકારતા ન હતા એમ કરતાં વર્ષ ઉપરાંત થઇ ગયા પછી વૈશાખ સુદ ૩, ના દિવસે હસ્તિનાપુરમાં બાહુબળીના પુત્ર સોમયશાની રાજધાનીમાં વહોરવા નીકળ્યા તે વખતે પ્રભુ કંઈ લેતા નથી એવો શોરબકોર સોમયશાના પુત્ર શ્રેયાંસે સાંભળ્યો એટલે તે પ્રભુ પાસે દોડી આવ્યો પ્રભુને જોતાં ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું તેણે પ્રભુને આગ્રહ પુર્વક પોતાને ત્યાં પધારવા વિનંતી કરી

પ્રભુ તેના મહેલે પધાર્યા તેજ વખતે શેરડીના રસના એકસો આઠ ઘડા લઈને એક ખેડુત ભેટ કરવા આવ્યો તે સ્વિકારીને તેજ વસ્તુ ગ્રહણ કરવા પ્રભુને પ્રાર્થના કરી પ્રભુએ બે હાથ ભેગા પસાર્યા એટલે શ્રેયાંસે તેમાં રસ રેડવા માંડયો પ્રભુ પાણિપાત્ર લબ્ધીવાળા હોવાથી શ્રેયાંસે બધા ઘડાનો રસ હાથમાં રેડયો એક ટીપું પણ નીચે પડયું નહિં તે બધો રસ પ્રભુ પી ગયા. પ્રભુના અતિશય પણાથી કોઇએ તેમને પીતાં જોયા નહિ કારણકે પ્રભુનો આહાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિહાર જન્મથી અદ્રશ્ય હોય છે તે વખતે પાંચ દીવ્ય પ્રગટ થયાં સુગંધી જળની વૃષ્ટિ સુગંધી પુષ્પોની વૃષ્ટિ તેમજ સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઇ દેવદુંદુભી વાગી ને અહોદાનં અહોદાનંની દેવોએ ઉદ્દઘોષણા કરી પ્રભુ ત્યાંથી નિકળ્યા પછી બધા લોકોએ મળીને શ્રેયાંસને પુછ્યું કે તમને આ પ્રમાણે આહાર આપવાની ખબર કયાંથી પડી ?

શ્રેયાંસે કહ્યું કે પ્રભુને જોઈ મને જાતિસ્મરણ જ્ઞાન થતાં પુંના આઠ ભવનો સંબંધ જાણી લીધો. પ્રભુ આહાર વહોરવા નીકળ્યા છે તેમ જાણી નિર્દોષ આહાર મેં વહોરાવ્યો છે આ સાંભળી લોકો બહુ પ્રસન્ન થયા ત્યારથી સુનિદાનની પ્રવૃત્તિ શરુ થઈ વિશેષ હકીકત ઋષભચરિત્રથી જાણવી.

# પુણિયા શ્રાવકની કથા

રૂની પુણી વેચીને તેમાં મળતા બે આનાથી સંતોષ માનીને આજીવીકા ચલાવનાર પુણીઓ શ્રાવક પ્રભુ મહાવીરનો ખરેખરો ભક્ત હતો અને પ્રથમ પંકતીનો શ્રાવક હતો લાભાંતરાય ઉદયથી તેને વધારે પ્રાપ્તિ થતી ન હતી તે સ્રી ભર્તાર બન્ને જણ દરરોજ સ્વામીવચ્છળ કરવાના હેતુથી એકાંતરે ઉપવાસ કરતા હતા બે જણની રસોઇ થતી તેથી સ્વામીવચ્છળ કરતાં એક જણને ઉપવાસ કરવો પડતો તે બે આનામાંથી પણ કંઈક બચાવીને દરરોજ પ્રભુ પાસે ફુલના પગર ભરતા હતા બન્ને સાથે બેસી સામાયીક કરતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસ સામાયીકમાં ચિત્ત સ્થીર ન રહેવાથી શ્રાવકે શ્રાવીકાને પુછયું કે આજે ચિત્ત સ્થીર રહેતું નથી તેનું શું કારણ ? તું કંઇ અદત્ત કે અનીતિનું દ્રવ્ય લાવી છું. શ્રાવીકાએ વિચાર કરી કહ્યું કે માર્ગમાં અડાણા છાણા પડયા હતા તે લાવી છું બીજું કંઈ લાવી નથી શ્રા કે કહ્યું કે તે છાણા તો રાજદ્રવ્ય ગણાય તે આપણે લેવાય નહિ, માટે પાછા રસ્તા પર નાખી દેજે અને હવે પછી લાવશો નહિ આ પ્રમાણે ન્યાયોપાર્જિત દ્રવ્યથી આજીવીકા ચલાવતા હતા રાજા શ્રેણીકે પ્રભુને કહ્યું મારી નરકટળે એવો કોઇ ઉપાય બતાવો ? પ્રભુએ તેનું મન મનાવા કહ્યું પુણીઆ શ્રાવકનું એક સામાયીક વેચાણ લેવાથી નરક જવુ નહિ પડે.

રાજા શ્રેણીકે પુણીઆ શ્રાવકને બોલાવી કહ્યું કે તારૂં એક સામાયીક મને વેચાણ કરી આપ પુણીયા શ્રાવકે કહ્યું કે તેની શું કીમત લેવી તે હું જાણતો નથી પ્રભુને તેની કિમત પુછી આવો પછી વિચાર કરૂં શ્રેણીકે પ્રભુને તેની કિંમત પુછતાં પ્રભુએ કહયું કે હે રાજન તારૂં સમગ્ર રાજયને રૂદ્ધિ આપીદે તો પણ પુરૂં થાય તેમ નથી જેમ કોઇ અશ્વ ખરીદ કરવા જાય તેની લગામની કિંમત જેટલી તારી સમગ્ર રાજરૂદ્ધિ ગણાય અને અશ્વની કિંમત તો બાકીજ રહે તેમ તેનું સામાયીક અમૂલ્ય છે તેની કિમત આંકી શકાતીજ નથી. આ સાંભળી શ્રેણીક રાજા નિરાશ તો થયા પણ પુણીયા શ્રાવકની સામયીકની પ્રશંસા કરવા લાગ્યા.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# મયણાની બ્હેન સુરસુંદરીની કથા

પ્રજાપાળ રાજાને મયણાને સુરસુંદરી બે પુત્રી હતી. તેમાં મયણાને શ્રીપાળકુષ્ટી સાથે પરણાવી અને સુરસુંદરીને કુરુજાંગલદેશના શંખપુરીના રાજા અરીદમન સાથે પરણાવી અરીદમન પોતાની નગરીમાં જતાં લુંટાયો ને સુરસુંદરીને નાટકના પેડામાં વેચી દીધી તે નાટકનું પેડું શ્રીપાળને બીજી કન્યા પરણતાં કન્યાદાનમાં મળ્યું હતું શ્રીપાળ તેની પાસે નૃત્ય કરાવતો હતો પણ સુરસુંદરીએ પોતાની ઓળખ આપી ન હતી પણ જ્યારે શ્રીપાળ મહારાજા બની પ્રજાપાળ પાસે આવ્યો ત્યારે બધુ કુટુંબ મળતાં સુરસુંદરીને નૃત્ય કરવા કહ્યું ત્યારે તે અત્યંત રૂદન કરવા લાગી.

પોતાની વિતક કથા માતા પિતાને કહી સંભળાવી કે મને તમારા જમાઇ સાથે વિદાય કર્યા પછી ગામમાં પેસવાનું મુહુર્ત ન હોવાથી ગામ બહાર રહ્યા ત્યાં ચોર લોકોની ધાડ પડી તમારા જમાઇ ભાગી ગયા મને ચોરોએ પકડી તેણે બબ્બર કુળમાં વેચી એક વેશ્યાએ ખરીદ કરી મને નૃત્ય શીખવ્યું હું મહાકાળ રાજાના નાટકના પેડામાં નોકરી કરવા રહી તેમણે શ્રીપાળને કન્યાદાનમાં નાટકનું પેડું આપ્યું તેમાં હું નૃત્ય કરતી હતી આજે બધું કુટુંબ દેખી મને મારા અભિમાનનું દુઃખ થયું અને મયણાની સુખ સમૃદ્ધિ જોઇ મને ઓછું આવવાથી રડું છું પછી શ્રીપાળરાજાએ શંખપુરથી અરિદમનને તેડાવી તેની સાથે સુરસુંદરીને વિદાય કરી સુરસુંદરી ધર્મ કરવા લાગી.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# મમ્મણ શેઠની કથા

રાજગૃહી નગરીમાં શ્રેણીકરાજા રાજ્ય કરતા હતા તેમને ચેલણા નામે પટ્ટરાણી હતી એક વખત ચોમાસાની ઋતુમાં રાજા રાણી ગોખમાં બેઠા વરસતા વરસાદમાં રાત્રે વાતો કરતા હતા કે મારા રાજ્યમાં કોઇ દુઃખી નથી એવામાં વીજળીના ઝબકારામાં રાણીએ એક માણસને નદી માંથી તણાઇને આવતાં લાકડા ખેંચી કાઢતો જોઇ રાજાને કહ્યું કે તમે કહોછોકે મારા રાજ્યમાં કોઇ દુઃખી નથી તો આ માણસ દુઃખી ન હોય તો આવું કામ કેમ કરે ? રાજાએ સીપાઇને મોકલી તે માણસને તેડાવી પુછયું તારે શું દુઃખ છે કે આવી અંધારી રાત્રે નદીમાંથી લાખડા ખેંચી કાઢે છે તેણે કહ્યું મારી પાસે બે બળદ છે તેમાં એક બળદનું સીંગડું અધુરૂં છે તે પુરૂ કરવા ઉદ્યમ કરૂં છું શ્રેણીકે કહ્યું તને એક સારો બળદ અપાવી દઉ ? તેણે કહ્યું એકવાર મારા બળદજુઓ પછી અપાવાનું કહેજો રાજાએ તેનું ઠેકાણું લહી કહ્યુંકે હું સવારે તારો બળદ જોવા આવીશ એમ કહી તેને વિદાય કર્યો.

સવાર પડતાં રાજા તેના ઘેર ગયો તેણે ભોંયરામાં લઇ જઈ બળદ બતાવ્યા તે બળદ સોનાના હીરામાણેકથી જડેલા જોઈ રાજા આશ્ચર્ય પામી કહેવા લાગ્યો તારાઘરમાં આટલી બધી સંપત્તિ છતાં તું આવા દરિદ્રીના વેશે કેમ ફરે છે અને આવું હલકું કામ કેમ કરે છે ? તેણે કહ્યું આ સંપત્તિ કાંઈ વધારે નથી વધારે દ્રવ્ય મેળવવા મારા પુત્રો પરદેશમાં ગયા છે મને બીજુ કામ ન સુઝવાથી આ કામ કરૂં છું તેમાં શરમ શી માણસે કોઇપણ ઉદ્યમ તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવો જ જોઇએને ? રાજાએ કહ્યું તમારો ખોરાક ઉદ્યમાન પ્રમાણમાં સારો હશે તેણે કહ્યુ હું તેલને ચોળા ખાઉ છું બીજું અનાજ મને પચતું નથી. બીજાને સારું ખાતા જોઇ હું કચવાઉ છું કે ખાવા પીવામાં આટલો બધો ખર્ચ કેમ કરે છે.

આ સાંભળી રાજા તેનું નામ પુછવા લાગ્યા તેણે કહ્યું મારું નામ મમ્મણ શેઠ છે પછી રાજાએ મહેલમાં જઈ મમ્મણ શેઠની બધી હકીકત ચેલ્લણાને કહી બીજે દિવસે વીરપ્રભુને વંદન કરવા શ્રેણીકને ચેલ્લણા ગયાં મમ્મણશેઠની હકીકત કહી પ્રભુને પુછયુ કે મમ્મણ પાસે અઢળક દ્રવ્ય છતાં આવું જીવન કેમ ગુજારે છે ? પ્રભુએ કહ્યું પુર્વભવમાં તેના ઘેર કોઈસુ નરાજ વહોરવા આવતાં પ્રભાવનામાં મળેલ ઉત્તમ સુગંધી મોદક વહોરાવ્યો પણ પછી કોઇના કહેવાથી તે બહુ સ્વાદિષ્ટ મોદક જાણી પશ્ચાતાપ કરતો પાછો લેવા ગયો. મુનિએ કહ્યુ ધર્મલાભ આપીને લીધેલ પાછું આપી શકાય નહિ. તેણે તે મોદક પાછો લેવા જીદ કરતાં મુનિએ તે મોદકનો ભુકો કરી રેતીમાં પરઠવી દીધો. આથી તે આપેલ દાનની નિંદાને પશ્ચાતાપ કરવાથી ગાઢ ભોગાંત રાય ને ઉપભોગાંતરાય કર્મ બાંધી મમ્મણશેઠ તરિકે ઉત્પન્ન થયો છે. તે નથી સારૂં ખાઈ શકતો કે મળેલ લક્ષ્મીનો ભોગવટો પણ કરી શકતો નથી પછી દાન આપવાની તો વાતજ શી ? ખરેખર કૃપણનું ધન કાંકરા બરાબર જ છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ભીમસેન રાજાની કથા

ભીમસેન રાજાને પુર્વભવમાં મુનિરાજની અઢાર ઘડી સુધી વિરાધના કરવાથી રાજપુત્ર થવા છતાં અઢાર વર્ષ સુધી દુઃખો ભોગવવા પડયા અને કોઇ સ્થળે સંપત્તિ વગેરે ઘણું મળવા છતાં અંતરાય કર્મના ઉદયે તેનો ભોગવટો કરી શકયા નહિ તેની હકીકત શત્રુંજયમહાત્મ્ય અંતર્ગત ગીરનાર મહાત્મ્યના અધિકારમાંથી સાર રૂપે લીધી છે.

ભીમસેન રાજાનો જીવ પૂર્વભવમાં આ ભરતક્ષેત્રના પ્રતિષ્ઠાનપુરમાં શક્તિસિંહ નામે રાજા હતો તે મોટી રાજ્ય ઋદ્ધિવાળો અને સુંદર રાણીઓથી શોભતો ન્યાય નીતિપૂર્વક રાજ્ય ચલાવતો હતો એક વખતે તે શીકાર કરવા જંગલમાં ગયો ત્યાં એક હરણને તીર મારતાં તે હરણ નાસી ગયું. રાજા તેની પાછળ પડયો. હરણ ઝાડીમાં અદ્ર શ્ય થયું તે સ્થળે એક વૃક્ષ નીચે મુનિને કાઉસગ્ગ કરત દેખી હરણ કઈ દિશામાં ગયું તેમ મુનિને પુછવા લાગે મુનિમૌન હોવાથી બોલ્યા નહિ તેથી ક્રોધના આવેશથ મુનિને માણસો પાસે બંધાવી મુકીને આગળ ચાલ્યા પ હરણ મળ્યું નહિ પાછા ફરતાં મુનિને બાંધેલા હતા છુટા કર્યાને ક્ષમા માગી. પોતાના રાજ્યમાં ગયા તે રા ત્યાંથી કાળ કરી ઘણા ભવ ભમ્યા પરંતુ મુનિને અઢ ઘડી બાંધી રાખ્યાનું કર્મ ઉભું રહ્યું તે કર્મ ભીમસે રાજાના ભવમાં કેવી રીતે ઉદયમાં આવ્યું તેની કથા ની મુજબ છે.

આ ભરત ક્ષેત્રમાં શ્રાવસ્તિનગરીમાં વજ્રસેન ન રાજાને સુભદ્રાનામે રાણી હતી તેની કુક્ષીમાં શક્તિસિંહ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું ભીમસેન નામ પાડયું. ભીમસેનને જિનવલ્લભ નામે નાનો ભાઈ હતો ભીમસેન જ્યારે યુવાવસ્થામાં આવ્યો ત્યારે તે પ્રજાની સ્ત્રીઓનું અને દ્રવ્યનું હરણ કરીને પ્રજાને પીડવા લાગ્યો. લોકોએ રાજાને ફરીઆદ કરી રાજાએ તેને ઘણી શીખામણ આપી પણ તેણે માની નહિ અંતે રાજાએ તેને બંધીખાને નાખ્યો ઘણા વખત પછી તે કેદમાંથી છુટયો એટલે તેણે માતા પિતાને મારી નાખી રાજ્ય ઉપર બેઠો. કુમિત્રોની સંગતથી પરસ્ત્રીમાં આશક્ત બની સાતે વ્યસન સેવવા લાગ્યો તેથી સામંતોએ મળી તેને દેશ નિકાલ કર્યો અને તેના નાના ભાઇને ગાદીએ બેસાડયો. પૂર્વે બાંધેલ અંતરાય કર્મના ઉદયથી ભીમસેન રાજા બહુ દુઃખી થતો પૃથ્વીપુર નગરમાં આવી એક માળીને ઘેર નોકરીએ રહયો ચોરીના વ્યસનથી માળીએ તેને કાઢી મુકયો ત્યારપછી ઇશ્વરદત્ત વ્યાપારી નેત્યાં નોકરીએ રહયો તેની સાથે દરીઆની મુસાફર કરતાં તેનું વહાણ અટકી ગયું સાહસીક ભીમસેન તે વહાણને ચાલુ કરવા પર્વતપર ચઢી ભારંડ પક્ષીઓને ઉડાડયા તે ત્યાંથી સમુદ્રમાં પડયો એક માછલાની પીઠ મળીજતાં તે સમુદ્રને બીજેકાંઠે નીકળ્યો તે કાંઠાપરના જળાશયમાંથી જળપાન કરી શાંત થયો.

જંગલમાં ફરતાં એક ત્રિદંડી મળ્યો તેણે રત્નની ખાણ દેખાડવાનો લોભ દેખાડી ખાણમાં ઉતાર્યો તેણે આપેલ રત્નો લઈ તે ત્રિદંડીએ ઉપરથી દોરડું કાપી નાખ્યું તેથી તે ખાણમાં પડયો બીજે દિવસે ભીમસેને કરેલ ગીતના આલાપથી ખુશ થઇ રત્નખાણના અધિષ્ટાયક દેવે તેને ખાણમાંથી બહાર કાઢયો તે જંગલ વટાવી ક્ષીતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંડનપુર નગરે આવ્યો. ત્યાં એક વેપારીએ વખારની દેખ રેખ રાખવા તેને નોકરીએ રાખ્યો ત્યાં ચોરી કરવાથી તેને શુળીએ ચઢાવાની શિક્ષા થઇ બીજા વેપારીએ દયાથી રાજાને વિનંતી કરી તેને છોડાવ્યો તેશેઠની સાથે જતાં એક મુનિ પાસે ગીરનારનું મહાત્મ્ય સાંભળ્યું ત્યાંથી રોહણાચળ પર્વત પર જઇ એક રાત્રીનું જાગરણ કરી ત્યાંના અધિષ્ટાયીક દેવની કૃપાથી એક ઉત્તમ રત્ન મેળવ્યું ત્યાંથી ગીરનાર પર્વત તરફ જવા શેઠની સાથે સમુદ્રમાર્ગે પ્રયાણ કર્યું ચંદ્રમાના તેજ સાથે પોતાના રત્નની તુલના કરતાં તેનું રત્ન સમુદ્રમાં પડી ગયુ તેને તેથી મુર્છા આવી ગઇ સચેત થતાં શેઠને અને નાવીકને રત્નની હકીકત કહી તપાસ કરવા કહ્યું વહાણ ઘણું આગળ ચાલ્યું ગયું હોવાથી શેઠે દીલાસો આપી શાંત કર્યો.

પછી તેઓ સમુદ્રની કાંઠે આવી ભાતું લઈ ગીરનાર પર્વત તરફ ચાલ્યા રસ્તે દુર્ભાગ્યના યોગે તેનાં વસ્ત્ર તથા ભાતું ચોરોએ લુંટી લીધું આગળ જતાં એક મુનિ મળ્યા ગીરનારપર ચઢી જંપાપાત કરવાનો પોતાનો ઇરાદો તેણે મુનિને જણાવ્યો. મુનિએ ઉપદેશ આપી કહ્યું કે 'તારું અઢાર વર્ષનું અંતરાય કર્મ હવે પુરૂં થવા આવ્યું છે. માટે મરવાનું સાહસ કરીશ નહિ તારાવડે જિનમંદિરોથી આ ભુમિ વિભુષિત થવાની છે તારું અશુભ કર્મ તુટી ગયું છે તારા જેવો આ કાળમાં બીજો કોઇ પુણ્યવાન નર થશે નહિ આ પ્રમાણેનો ઉપદેશ સાંભળી ભીમસેન રૈવતાચળ પર આવી નેમનાથ ભગવંતની ત્રણે કાળ ભક્તિ સહિત પુજા કરવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થોડા વખતમાં એક સંઘ રૈવતગિરિની યાત્રાએ આવ્યો તેનો સંઘપતિ તે ભીમસેનનો નાનો ભાઈ જિન વલ્લભ હતો બન્ને ભાઈઓનો ઘણે વખતે મેળાપ થતાં મોટા ભાઈને રાજ્ય લેવાનો આગ્રહ કરી સ્થળે સ્થળે ભેટણાં સ્વિકારતા પોતાના દેશમાં આવ્યા ભીમસેને ક્રોધથી માતા પિતાને મારી નાખેલ તેના પ્રાયશ્ચિત રુપે પોતાના દરેક ગામમાં જિનમંદિર કરાવ્યાં અને દીનજનોને દ્રવ્ય આપી સુખી કર્યા ઘણા વર્ષ સુધી રાજ્ય લક્ષ્મી ભોગવી ફરીથી રૈવતગિરિની યાત્રા કરવા સંઘ સહિત આવ્યો ત્યાં પ્રભુની ઉત્તમ ચંદન કર્પુર અને પુષ્પોથી પુજા કરી યાચકોને દાન આપ્યું પછી તેજ પર્વતપર જ્ઞાનચંદ્રમુનિ પાસે રાજાએ દીક્ષા લીધી જેણે પુર્વે મહાપાપો કર્યા હતા અને મહાકષ્ટો ભોગવ્યા હતા તે ભીમસેન મુનિ સર્વકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી શેષ અઘાતી કર્મોને ખપાવી આજ ગીરનાર પર મોક્ષે ગયા.

# સુભદ્રાની કથા

પુર્વે ભારત વર્ષમાં વસંતપુર નામે નગરમાં જિનમત ઉપર દ્રઢભક્તિવાન જિનદાસ નામે શ્રેષ્ટ વસતો હતો, તેને સીલ ઉપર અત્યંત પ્રિતી ધારણ કરનારી જિનમતિ નામે વલ્લભા હતી; આ સદ્દગુણી દંપતિને ત્યાં એક પુત્રીનો જન્મ થયો, એ બાળા જન્મથીજ અદભુત સૌંદર્યવાન હતી, તેથી મ્હોટી ઉમરે પ્રધાનગુણોને પ્રાપ્ત કરનારી થશે એવી આશા બંધાતી. માતા પિતાએ પુત્રીનું સુભદ્રા એવું નામ પાડયું, અનુક્રમે તે બાળા વૃદ્ધિ પામવા લાગી; બાળ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણથીજ માત પિતાએ પોતાની લાડકીને ઉત્તમ પ્રતિનો વ્યવહારિક બોધ આપ્યો; સુગુરૂ પાસે ભલામણ કરી સારી રીતે ધર્મશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું; જ્ઞાનરસમાં પરિપુર્ણ આનંદ પામનારી બાળાના હૃદયમાં વિદ્યાની નિર્મળ જયોતિનો પ્રકાશ થયો, અને બચપણથીજ શુદ્ધ સમ્યકત્વ ધારી શ્રાવિકા થઇ; યોગ્ય ઉમરની થઈ ત્યારે નગરમાં તે બાળીકાના રૂપ, ગુણ અને જ્ઞાનની પ્રશંસા થવા લાગી.

એ ઉપેરથી અન્યમતાવલંબી અનેક વણિકપુત્રોએ તેના ઉપર મોહ પામી વિવાહ કરવાને પ્રાર્થના કરી, પરંતુ શ્રેષ્ઠિએ તેઓને મિથ્યાત્વી ધારીને કાગપક્ષીને પાયસ આપવા જેવું તે કાર્ય જાણી પોતાની શ્રદ્ધાળુ બાળાનો તેઓને સાથે વિવાહ કરવાની ના પાડી. અન્યદા બૌધધર્મ વિશારદ બુદ્ધિદાસ નામે વણિકપુત્ર ચંપાનગરીથી વસંતપુરમાં વ્યાપાર નિમિત્તે આવ્યો; વાણિજ્યકાર્યે જિનદાસ શેઠને ત્યાં તેનું આગમન થયું, તેણે સુભદ્રાને જોઇ મોહ પામી પાણિગ્રહણની પ્રાર્થના કરી, તેને પણ શ્રેષ્ઠિએ 'મારી પુત્રી હું મિથ્યાત્વીને નહીં આપું.' એવો પોતાનો દ્રઢ નિયમ સંભળાવ્યો. શેઠનો એવો નિશ્ચય જાણી બુદ્ધિદાસ થોડી મુદતને માટે નિરાશ થયો; પરંતુ કન્યા ઉપર પોટે લુબ્ધ થયો હતો તેથી કોઇપણ રીતે તેની સાથે વિવાહ કરવાને યત્ન કરવાનો નિર્ધાર કર્યો; પછી જૈન મુનિની સેવા કરી તેણે શ્રાવકાચારનું શિક્ષણ મેળવ્યું. જિનમત અંગિકાર કરી કપટ શ્રાવક થયો. શ્રદ્ધાિના પણ નિત્ય દેવપુજન, સાધુ સેવન અને આવશ્યકાદિ ક્રિયામાં પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો. સ્વધર્મ અંગિકાર કરવાથી શેઠને પણ તેની સાથે મિત્રાઈ થઇ અને અનુક્રમે મિત્રાઇનો સંબંધ

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

તથા સાધર્મી સંબંધથી સુભદ્રાનો તેની સાથે વિવાહ કર્યો. બુદ્ધિદાસ પણ સુભદ્રાની સાથે વિષયક સુખ ભોગવતો કેટલાએક કાળપર્યંત ત્યાંજ રહ્યો; ત્યાં વ્યાપારમાં ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું; એમ ઘણો કાળ વિત્યા પછી એક દિવસે પોતાના સસરા પાસે પોતાના દેશ જવાને માટે વિનંતી કરી. તેવારે શેઠે કહ્યું

'વત્સ! તારા વિચારને હું અનુમોદન આપું છું, પરંતુ તારા માતા પિતા વેદધરમિ છે, તેથી તેઓ મારી પુત્રી સાથે સ્નેહ ભાવથી નહીં વર્તે''

તેવારે બુદ્ધિદાસે કહ્યુ 'એને હું પૃથકગૃહે રાખીશ, એ વિષે આપે કાંઈપણ ચિંતા ન કરવી. માટે અનુગ્રહ કરી મને ગમન કરવાની આજ્ઞા આપો. શેઠે કહ્યુ 'પંથને વિષે તમને કુશળ થાઓ.

એમ સસરાની આજ્ઞા લઇ સુભદ્રાની સાથે યાનારુઢ થઇ બુદ્ધિદાસ વસંતપુરથી ચંપાનગરીએ આવ્યો; ત્યાં સુભદ્રાને પૃથકગૃહને વિષે રાખી, સ્વગૃહે જઇ માત પિતાને સર્વ વૃત્તાંત નિવેદન કર્યો; તેમની આજ્ઞા લઇ પોતે પણ સુભદ્રાની જોડે રહ્યો; પતિ ઉપર નિર્મળ સ્નેહ ધારણ કરનારી સુભદ્રા પતિને અત્યંત આનંદ પમાડતી; પતિ બહાર ગયા પછી ઘરમાં રહીને નિષ્કપટવૃત્તિએ અરિહંત ધર્મનું સેવન કરતી; એમ દંપતિનો સર્વ કાળ આનંદ વિલાસમાંજ નિર્ગમન થતો. પુત્ર વહુનાં આવાં અકથ્ય સુખને નહીં સહન કરતી સાસુ અને નણંદ માત્સર્ય ધારણ કરી તેનાં છિદ્રો જોવા લાગી. એક દિવસ કોઈ મુનિ સુભદ્રાના ઘરને વિષે ભક્ત પાનાર્થે આવ્યા, તેને જોઇ માતા અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેહેન બુદ્ધિદાસને કહેવા લાગ્યાં 'ભાઇ તારી સ્રી જૈનમુનિ સાથે સુખ ભોગવે છે.'

બુદ્ધિદાસે કહ્યું 'તમે એમ ન બોલો, એતો મહા સતી છે, સુકુળને વિષે તેનો જન્મ છે, જૈનધર્મને વશે રક્ત છે કુશીલા નથી, તમે ધર્મમાત્સર્યને કરીને એ પ્રમાણે બોલો છો, પરંતુ તે તમને ઘટીત નથી.'

ભરથારનો સ્રી ઉપર આવો દ્રઢરાગ જોઇને તે બંને અત્યંત માત્સર્યભાવને ધારણ કરતી વિશેષ છિદ્રાંવેષણ કરવા લાગી. એક દિવસ કોઈ મુનિ ભિક્ષાર્થે સુભદ્રાને ઘેર પધાર્યા, તેમના નેત્રને વિષે પવનના યોગ્યથી તૃણ પડયું હતું; પરંતુ જીનકલ્પી અને શરિરસંસ્કારથી વિમુખ એવા તે મુનિએ તૃણનું અપનયન કર્યું. ભિક્ષા આપતી સુભદ્રાને તેમના ચક્ષુ વિષે થતી વ્યથા જાણી. દ્રઢ ભક્તિભાવથી મુનિની તે વ્યથા ટાળવાનો વિચાર આવ્યો, અને સ્પર્શ ન થાય તેવી રીતે લઘુ લાઘવી કળાથી જીવ્હાગ્રે તૃણાનું આકાર્ષણ કર્યું; પરંતું તેમ કરતાં તેના કપાળને વિષે સ્થિતિ કુંકુંમ તિલક મુનિના કપાળમાં અંકિત થયું મુનિ ભિક્ષા લઈ પાછા ફર્યા, તેમને સાસુ અને નણંદે તિલકાંકિત જોયા.

સ્રી જાતિ જો અજ્ઞાન અવસ્થામાં હોય છે, તો કેવા કુસંસ્કાર અને નિકૃષ્ટ પ્રવૃત્તિઓમાં પ્રવર્તે છે! પાપની બ્હીક હોતી નથી, ઈર્ષાથી બીજા ઉપર ગમે તેવા અપવાદ મુકે છે, તેમ આ કર્કશાઓને મિસ ચડયું; બુદ્ધિદાસને પ્રત્યક્ષ બતાવી માતાએ કહ્યું 'પુત્ર તારી વહુનું શીલ જો.' આવા વચનથી બુદ્ધિદાસ પણ અભિજ્ઞાનદર્શનથી આંખો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો, તેના વચનનું પ્રતિપાલન કર્યું, સ્રી ઉપર અપ્રતીત થઇ પ્રેમાંકુર નાશ પામ્યો, અને તે દિવસથી સુભદ્રાથી વિરક્ત થયો.

હવે સુભદ્રાએ પણ પતિનો નિઃસ્નેહ જાણ્યો, મનમાં અનેક તર્કો ઉત્પન્ન થયા, ધીમે ધીમે સત્યવૃત્તાંત જણાયો, તેથી મનમાં અત્યંત ખેદ પામી, પોતાને નિમિત્તે જિન-શાસન ઉપર આકસ્મિત અપવાદ પ્રાપ્ત થવાથી અંતઃકરણ દુઃખિત થયું; પણ વિચાર કરી મનનું સમાધાન કર્યું. જીનત્યાગે પણ તે માલિન્ય દુર કરવાનું ધારી 'જયાં સુધી આ અપવાદ દુર થશે ત્યાં સુધી કાર્યોત્સર્ગે નિશ્ચળ રહીશ.' એમ મનમાં નક્કી કર્યું. પછી સ્નાન કરી જિન-પુજન કરી મનમાં સાસનદેવીનું સ્મરણ કરી સંધ્યાકાળે ઘરના એકાંત ભાગને વિષે કાર્યોત્સર્ગે રહી. તેના સમ્યક્-ત્વને સંતુષ્ટ થઇને તત્તજ સાસનદેવી પ્રગટ થઈ અને સ્નેહાર્દ્રભાવે તેના પ્રત્યે બોલી 'હે વત્સ! તારા આવ્હા-નથી હું અત્રે આવી છું, માટે શીઘ્ર બોલ કે તારું શું સમીહિત કરું?'

'પછી સુભદ્રા કાર્યોત્સર્ગ પારી અત્યંત મુદિત થતી દેવીને નમન કરી બોલી 'ભગવતિ! જિનશાસન ઉપર પ્રાપ્ત થયેલા આ કલંકનું અપનયન કરો.' દેવી બોલી 'પુત્રિ! તું ખેદ ન કર. તારા કલંકને દુર કરવા માટે અને જિનસાસનની પ્રભાવ નાર્થે પ્રાતઃસમયે સર્વ મંગળિક કરીશ. તું નિશ્ચિત થઇને શયન કર.

એમ કહી દેવી અદ્રસ્ય થઈ, સુભદ્રા પણ નિંદ્રા લઇ પ્રાતઃકાળે જાગૃત થઈ; દેવગુરૂનું સ્મરણ પુજન વિગેરે નિત્ય ક્રિયામાં સ્થિત થઈ; એવામાં દ્વારપાળે અત્યંત યત્ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા છતાં પણ આજે પુરપ્રતોલી દ્વાર ઉઘડતાં નથી, એવી ચર્ચા નગરમાં ચોતરફ ચાલી. લોકો આશ્ચર્ય કરીને ભયભિત થયા, અંદરનો અને બહારનો વ્યવહાર બંધ થયો, દ્વિપદ, ચતુષ્પદ તથા પુરલોકો ક્ષુધા તૃષાથી દુઃખિત થયા, રાજાને સર્વ વૃત્તાંત જણાવ્યો, તેણે અનેક ઉપાય કરાવ્યા, પરંતુ દ્વારોદ્‌ઘાટ થયું નહીં.

પછી ભુપતિ 'આ દેવ કાર્ય હશે' એમ ધારી પોતે પવિત્ર થઇ ઉજવળ વસ્ત્ર પહેરી ધુપોત્ક્ષેપન કરી અંજળીબુદ્ધ થઈ પ્રાર્થના કરવા લાગ્યો :— 'હે દેવ દાનવો ! જેઓ મારી ઉપર કોપિત થયા હો, તેઓ આ પુષ્પ ધુપાદિ બળી લઇને પ્રસન થાઓ.' તરતજ આકાશવાણી થઈ : 'હે રાજન ! કોઈ માહા સતી કાચા સુતરના તાંતણે ચાલણી બાંધી તેવડે કુવામાંથી જળ કાઢી દ્વારને ત્રણ અંજળી છાંટશે, તેવારે દ્વાર ઉઘડશે.'

હવે નગરમાં સ્થળે સ્થળે આ વાત પ્રસરી. બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈસ્ય, શુદ્ર પ્રમુખ જાતિની અનેક નગરની નારીઓ કુવા કાંઠે આવીને એ પ્રમાણે પાણી કાઢવાને યત્ન કરવા લાગી; પરંતુ સુતરનો તાંતણો તુટી ચાલણી કુવામાં જવાથી પાણી કાઢવાને અશકત થતી, તેથી તેઓને નિરાશ થઇ પોતાને સ્થાનકે જવું પડતું !

મુર્ખ અને અજ્ઞાન સ્રીઓ સહજ બાબતમાં પણ પર મનુષ્ય સાથે અથવા સાસુ, જેઠાણી, નણંદ વિગેરે ઘરનાં માણસો સાથે કલેશ કરે છે, તો આવો અપવાદ મુકયો હોય ત્યારે તો શું કહેવું ? પરંતુ સુભદ્રા તેવી નહોતી; તેતો સહનશીલ હતી આવું કલંક મુકયા છતાં તેણે સાસુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નો દોષ નહિ કાઢતાં પોતાના કર્મનો દોષ કાઢતી હતી. નગરના દરવાજા નહિ ઊઘડવાથી રાજાએ નગર પડહો વજ-ડાવ્યો કે જે કોઈ સતી સ્ત્રી કાચે તાંતણે ચાલણી ભરી જળ કાઢશે તેને રાજા સારું વરદાન આપશે. સુભદ્રાએ તે પડહ છબ્યો એટલે રાજસેવકો તેને કુવા પાસે લઈ ગયા. રાજા પોતે હર્ષ ભેર ત્યાં આવ્યો. સુભદ્રાએ કહ્યું કે મેં મારા પતિ સિવાય મનથી પણ બીજા પુરુષની ઇચ્છા કરી નથી. છતાં મારા પર આવેલ કલંકને ઉતારી દેશો. એમ કહી કૂવામાંથી જળ કાઢી ત્રણ દરવાજા પર તે પાણી છાંટીને ઉઘાડવા. ચોથો દરવાજો મારા જેવી કોઈ બાઈ હશે તો ઉઘાડશે એમ કહી ઉઘાડ્યો નહિ તેની સાસુ વગેરે બૌધ ધર્મી હોવાથી જે તેની નિંદા કરતાં હતાં. તે બધાં હવે તેના ગુણગાન કરવા લાગ્યાં. અને જૈન ધર્મ જ ઉત્તમ છે એમ સૌ કોઈ માનવા લાગ્યા. રાજા પણ જૈન ધર્મી બન્યો. સુભદ્રાનું ઘણું સન્માન કરી વરદાન માગવા કહ્યું. સુભદ્રાએ કહ્યું કે મારે પોતાને કોઈ વસ્તુની ખપ નથી. પરંતુ તમો બધાં જૈન ધર્મી બનો. અને સર્વ જીવોને અભયદાન આપો. રાજાએ નગરમાં સર્વત્ર અમારી પડહ વજડાવ્યો અને જૈન ધર્મનો જય જય કાર વરતાવ્યો. કહેવાય છે કે આજે પણ ચંપા નગરીનો એક દરવાજો બંધ છે. હજુ સુધી કોઈ સતી સ્ત્રી ઉઘાડી શકી નથી. સુભદ્રાનું આખું કુટુંબ બૌધ ધર્મી મટીને જૈન ધર્મી બન્યું. સોળ સતીમાં સુભદ્રાનું નામ આવે છે. અને મહાવીર પ્રભુના શાસનમાં થઈ હોય તેમ લાગે છે. કારણ કે બૌદ્ધ ધર્મ તેમના વખતમાં ચાલતો હતો. વેદ ધર્મવાળાં માનીએ તો આગળના કોઈ તીર્થંકરના શાસનમાં થયાં હોય તેમ લાગે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# દાતારોની યાદી

૮૦૮૧] અશોકભાઈ મધુસૂદન ખીલીમોરા.
૩૩૫૩] ફોજાલાલ પરશોત્તમ મુજપરા
બોરાવલી કાર્ટર રોડ (એકાવનમી ઓળીના પારણા પ્રસંગે)
૩૦૦૦] સાયન અભિનંદન સ્વામી જૈન દેરાસરની પેઢી
૧૫૦૧] અમૃતલાલ દેવશીભાઈ કોઠારી, માટુંગા
૧૦૦૧] માટુંગા વાસુપૂજ્ય જૈન દેરાસરની પેઢી
૧૦૦૧] ગોડીજી જૈન દેરાસરની પેઢી, મુંબઈ
૧૦૦૧] ઘાટકોપર જૈન દેરાસરની પેઢી, નવરોજલેન.
૧૦૦૧] ઘાટકોપરની બહેનો તરફથી
૧૦૦૧] સેવંતીલાલ મોહનલાલ ખરોડવાળા, બોરીવલી વેસ્ટ
૧૧૦૧] રતીલાલ છોટાલાલ શાહ, ગોરેગામ જવાહરનગર
૧૦૦૧] રાજુભાઈ ચંપકલાલ, હ. ઉષાબહેન
૫૦૧] શાંતિલાલ છોટાલાલ શાહ ડાભલાવાળા, બોરીવલી વેસ્ટ
(પૂ. કૈવ.યસાગરના ઉપદેશથી)
૫૦૧] લક્ષ્મીચંદ રાયચંદ સરવૈયા, બોરીવલી
૫૦૧] સુરેન્દ્રનગર મહિલા મંડળ
૪૫૩] મદ્રાસવાળા ત્રણ જણ તરફથી, હ. જતનરાજ
૨૫૧. મહાલક્ષ્મી પેટ્રોલપંપ, મનોર
૨૫૧] પ્રમોદભાઈ ચીમનલાલ, નારણપુરા, અમદાવાદ
૧૫૧] નગીનભાઈ કક્કલભાઈ, બોરીવલી, કાર્ટર રોડ
૧૫૧] અમૃતલાલ છોટાલાલ શાહ ,,
૨૦૧] સ્વ. ધામી જેસીંગલાલ નેમચંદ પરિવાર ,,
૧૫૧] અમૃતલાલ જેસીંગભાઈ ફડીઆ ,,
૧૫૧] કુંદનમલજી હજારીમલજી ,,
૧૫૧] હસમુખ હીરાલાલ શાહ ,,
૧૫૧] પૂનમબહેન રતીલાલ ઘોઘાવાળા ,,
૧૫૧] સંઘવી ઓપ્ટિકલ કુ.
૧૫૧] રસિકલાલ લહેરચંદ ,,
૧૫૧] વાડીલાલ ગંભીરદાસ સોનેચા ,,
૧૫૧] જમનાદાસ હરગોવન સંઘવી ,,
૧૫૧] હરગોવન રૂપશી મુજપરા ,,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૧ જૈન કથાઓ ભા–૫, (૪૨) ભા–૬ (૪૩) ભા–૭
૪૪ ભા–૮ (૪૫) ભા–૯ (૪૬) ભા–૧૦ (૪૭) ભા–૧૧
૪૮ જૈન ચૈઇયથયથુઇ સજઝાયમાળા ભા–૨
૪૯ સજઝાયમાળ ભા–૨
૫૦ છ કર્મગ્રંથસાર
૫૧ જૈન દર્શનને શ્રાવક દિન કૃત્ય
૫૨ જૈન કથાઓ ભાગ ૧૨
૫૩ ચૈઇયથયથુઇ સંગ્રહ
૫૪ ભૂભુર્વઃ સ્વઃ ભા. ૨
૫૫ જૈન કથાઓ સુબોધ કથાઓ
૫૬ સુબોધકથાઓ જૈન દર્શન
૫૭ બૃહદ્ સંગ્રહણી સાર્થ
જૈનધર્મ પ્રવેશક ભા. ૧
ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભા. ૧
૬૦ ઉપમિતિભવ પ્રપંચા કથા ભા. ૨
૬૧ નુતન સ્તવનાવળી
૬૨ ઉપદેશસીત્તરી
૬૩ સહસ્રકુટનામાવલી
૬૪ જૈન કથાઓ ભા. ૧૩
૬૫ ભા. ૧૪ (૬૬) ભા. ૧૫
૬૭ જૈન મહાભારત
૬૮ ,, ઇતિહાસ
૬૯ ,, ધર્મ પ્રવેશક ભા. ૨
૭૦ ,, રામાયણ
૭૧ વસુદેવહિંડ ચરિત્ર
૭૨ સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૭૩ નવ સ્મરણમૂળ
૭૪ નવપદ મહાત્મ્ય
૭૫ લઘુક્ષેત્ર સમાસસાર્ય
૭૬ અકલંક આત્મકથા
૭૭ સાધુ–સાધ્વી આશ્યક સૂત્રાર્થ
૭૮ ચૈઇયથયથુઇ સજઝાય માળા ભા. ૩
૭૯ જૈન કથાઓ ભા. ૧૬
૮૦ ,, ભા. ૧૭
૮૧ નવકારના જાપની નોંધ
૮૨ તત્ત્વાર્થધિગમ સૂત્રાર્થ
૮૩ જૈન ધર્મ પ્રવેશક ભા ૩
૮૪ ,, પ્રશ્નોત્તરી ભા. ૧
૮૫ ,, ભા. ૨
૮૬ ,, ભા. ૩
૮૭ બે પ્રતિક્રમણ તથા પ્રકીર્ણ સંગ્રહ
૮૮ ભા. ૧૮ (૮૯) ભા. ૧૯
૯૦ ,, ભા. ૨૦
૯૧ ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભા. ૧
૯૨ પૂજા ભા. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણમો વીયરાયાણં,　　　　નમો નમઃ શ્રી ગુરૂધર્મસૂરવે

# અભિપ્રાય

વિદ્વાન તપસ્વી મુનિવર શ્રી અકલંક વિજયજી દ્વારા અનેક જૈન ધર્મનું ચરિત્રાદિ વાર્તા સાહિત્ય બહાર પડે છે જેઓને સંસ્કૃતનું જ્ઞાન નથી તેવા બાલજીવોને તેમનું સાહિત્ય ઉપયોગી બની શકે તેવું છે. સકલ જૈન સંઘે અને જૈન સમાજના સાહિત્ય પ્રેમી ધર્મપ્રેમીઓએ તેમના શુભ પ્રયત્નમાં હંમેશા સારો સહકાર આપવો જોઈએ.

એજ વિજય કનકરત્નસૂરિ

મુનિ અકલંકવિજયજીએ કુલ ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે અને એમાં ૮૫ પુસ્તકો છપાયા છે. આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળનો હેતુ દૃષ્ટાંત કથાઓ ચરિત્રો અને આત્મવૃતાંતો દ્વારા લોકોમાં ધાર્મિક રૂચી ઉભી કરી તેમને સદાચાર અને સદ્ધર્મ તરફ વાળવાનો છે. સમાજના સામાન્ય સ્તરના મોટા સમુદાયને આવી દૃષ્ટાંત કથાઓમાં રસ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવન ઉપર પણ થોડે ઘણે અંશ એની અસર થાય છે. આ શુભ પ્રવૃત્તિ બદલ તપસ્વી મુનિ અકલંકવિજયજી ધન્યવાદને પાત્ર છે.

લિ.
મુગટલાલ પો. બાવીશી
ડો. પી. એચ. ડી.
૪/૪ સાંઈ એપાર્ટમેન્ટ
હવાડીઆ ચકલા પાછળ
સુરત ૩૯૫૦૦૩

P. P. Ac. Gunratansuriji M.S.　　　　Jin Gun Aaradhak Trust